નવાં બંધાયેલા બિલ્ડિંગમાં રેડી
ફ્લેટ 1,2,3 BHK વેચાણથી મળશે
1,2,3 & 4 BHK ભાડેથી મળશે
બુકિંગમાં 2 BHK અને 3 BHK
સારા એરિયામાં મળશે
તિરૂમાલા હેબીટેટસ, રૂનવાલ એન્થુરીયમ,
દેવીદયાલ રોડ, સર્વોદય નગર,
તાંબેનગર 2 અને 3 BHK મળશે
ઓબેરોયમાં 3 અને 4 BHK
વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771


# ગુર્જરમાત


/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26



Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com



વર્ષ : ૨૭ ● અંક : ૨૮ ● સળંગ અંક : ૧૩૪૪ ● મુંબઈ ● બુધવાર ● તા.૩૧ જુલાઈ – ૬ ઓગસ્ટ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦



YOU ARE LIMITED SO ARE WE





OSCAR
INFRASTRUCTURE PVT. LTD

THE
LIMITED EDITION
Life
BY OSCAR

AMENITIES

- GYMNASIUM
- FLAG HOISTING AREA
- INDOOR GAMES
- SENIOR CITIZEN'S CORNER
- MULTI-PURPOSE COURT
- AMPHI - THEATER
- MEETING ROOM
- OUTDOOR GYMNASIUM
- LOUNGE AREA
- MEDITATION DECK
- PARTY LAWN
- SAND PIT
- GAZEBO
- CHILDREN'S PLAY AREA
- REFLEXOLOGY PATH
- ROCK CLIMBING WALL
- READING CORNER
- JOGGING TRACK

PRE-FESTIVE OFFERS
GET YOUR 12 EMI FREE
CONSTRUCTION IN FULL SWING

BOOK YOUR DREAM HOME WITH THE BIGGEST BRAND OF MULUND

2, 3, 4 & 5 BHK EXQUISITE HOMES
1.89 CR ONWARDS
9619 44 22 50

Click For Here

# ક્લાસિફાઈડ્સ

## ક્લાસિફાઈડ્સ જાહેરાતના દર

ક્લાસિફાઈડ્સ જાહેરાતના પ્રથમ ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા.૫ તરીકે લેવા આવશે. + ૫% જીએસટી અલગ લેવા આવશે. જાહેરાત સોમવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર મોકલાવો - કાર્યાલયમાં આપો**

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર
બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).
સંપર્ક : **9322257731**
**gurjarmat@gmail.com**
**www.facebook.com gurjarmat**
**www.gurjarmat.com**

## ખાસ નોંધ

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક

## Display Advt. Rates

**First colour Page**
Rs.**40/-** Per Sq.cm.
**Last colour Page**
Rs.**32/-** Per Sq.cm.
**Inner Colour Page**
Rs.**24/-** Per Sq.cm.

## શૈક્ષણિક

**French Classes**

I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

**English Grammar Tuitions Board: ICSE/CBSE**

Std.: 8th, 9th, 10th. Small Batches of 5-7 students Personalized Attention Regular Assessment and Mock Tests Whats App: **8169587673** Mulund West Batches start from 1st June 2024 1163 (1374)

## મહિલા માટે

**1+1 Free**

બ્રાઈડલ પેકેજ, બ્યુટી પેકેજ, બ્યુટી પાર્લર શીખો, કાન, કાણા પૂરાવો. ઘર બેઠા કરો. **9867094908, 9224751673** 163 (1384)

**ઘરઘંટીનો ભવ્ય શોરૂમ**

૮ વર્ષની ગેરેંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

## નોકરી સંબંધી

Wanted Office Assistant and Peon, Location Mulund East. Contact : **9892663947** 6714 (1345)

Job in Insurance Sector Call : **9773661090**

## જગ્યા સંબંધી

**Oberoi Eternia**

3 BHK Unfurnished/ Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6697 (1384)

**Oberoi Enigma**

3 BHK / 4 BHK Unfurnished/Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6698 (1384)

**શ્રી એસ્ટેટ એજેન્સી**

ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

વનબેડ 448 1.30, 459 1.10 કારપેટ વેચાણથી પી.કે.રોડ 366, 89/૨ બેડ ફર્નિશ્ડ જે.એન.રોડ 160 (145 શક્યતા) 3 બેડ 775-185, 935+100-260 (240 શક્યતા) દેવીદયાલ ક્રોસ રોડ, 4 BHK 1750, 440/ ૩ બેડ ભાડે ઝવેર રોડ, પી.કે.રોડ, આર.એચ. બી.રોડ 70,55,60/ ઈન્ડ.યુનીટ 1135-180, ગ્રા.વેચાણથી વનરૂમ કીચન વન બેડ બનેલું 72, 55/ કમર્શીયલ, રેસીડન્સી પ્રોપર્ટી ફાયદાથી પણ, વેચાણ બ્રોકરજ ૧% ભાડે મીનીમમ ૧ મહિનાની. **સંપર્ક : અતુલ કતીરા - 98211 80931, 87794 41915** 131 (1382)

## ટુર અને ટ્રાવેલ્સ

**પિતૃ તર્પણ**

સિધ્ધપુર અને ગયાજી (બિહાર) સપ્ટે, નવેમ્બર પેકેજ. **ઉદય ડી.જોષી** (નખત્રાણા-કચ્છવાળા) **9324615113** 6292 (1348)

**જ્યોતિષશાસ્ત્ર**

૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.

**સમીર સેજપાલ**

(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોર્તિજ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)
મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)

## જગ્યા સંબંધી

મુલુંડ વેસ્ટ સર્વોદય નગર મણિભદ્ર ટાવર 2 BHK એરીયા ૭૦૦ કાર્પેટ વેંચાણ માટે. રૂણવાલ પ્રાઈડ આર.મોલ પાછળ, 2 BHK ૭૦૦ કાર્પેટ. **નિલેશ : 9323901171, 8779897074** 6299 (1346)

**FOR SALE**

2 BHK Flat, Carpet 656 sq.ft, Maple Heights, Near Vaishali Nagar Mulund West, Call : **9821254591** 407 (1346)

## લગ્ન સંબંધી

**પૂજા મેરેજ બ્યુરો**
**મેળાપથી હસ્તમેળાપ સુધી**

ગુજરાતી, જૈન, કચ્છી, ભાનુશાલી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી મેળવવાનું એકમાત્ર સ્થાન. દીકરીઓ માટે ફ્રી રજીસ્ટ્રેશન સંપર્ક : **88283 52585** કરી તમારા જીવનસાથીની શોધ પુરી કરો. 1227 (1376)

## આરોગ્ય

**ઘુટણ સંધીયા વા દુઃખવા લાભદાયક ઉપાય**

હું ચંપકલાલ ગાંગજી ફુરીયા ગામ મેરાવા હાલે દહીસર મને બને પગમાં ખુબજ ૫ વરસથી દુઃખવો હતો. ઉઠવા, બેસવામાં, સડી ચડવામાં, ચાલવામાં ખુબજ તકલીફ પડતી હતી. આ દુઃખાવાથી હું ઘણો જ પરેશાન હતો મે આની ઘણા જ ઉપાય કરાવ્યા મને જરાય ફરક થયો નહિ પછી વેરસીભાઈનો મલમ વાપરી જુએ મને ખરેખર થોડાજ દિવસમાં ફરક પડી ગયો હવે મને દુઃખવામાં ઘણું જ આરામ થયો છે. આ માટે વેરસીભાઈનો ખુબજ આભારી છું. અભિપ્રાય માટે સમય ૯ થી ૧૨ વાગ્યા સુધી ચંપકભાઈ-૯૮૯૨૧૯૩૧૩૨ આ મલમ, મારાજ સાહેબ, મહાસતીજીને આપેલ છે તે બધાને જ આરામ થયેલ છે. આ મલમ ઘુટણ, કમર, ખભા, પીસા, જુની મુઢમાર, પગની પેની, પગમાં સોજો સંધીયા વા માટે આ મલમ, લોશન વાપરીને ખાતરી કરી જુઓ સંપર્ક : વરસીભાઈ છેડા, ગામ-રવ, શ્રીનગર થાણા. **9323936569** 000 (1344)

## ધંધાકીય

**કવર! કવર!! કવર!!!**

ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 642 (1352)

એલ્યુમિનિયમ સ્લાઈડીંગ બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 09730402879, 79772 67990** 6660 (1365)

**જુના કપડા વેચાતા લેશું**

જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબી ડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 1091 (1344)

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૯ વર્ષથી ઓફીસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

**વોશીંગ મશીન રીપેરીંગ**

શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

**Jainam Publicity**

પેપરોમાં મરણનોંધ, શ્રધ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 257 (1348)

**RVS Pest Control**

Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** (1363)

**મામલ ફુડસ**

કચ્છની મીઠી લાલ-પીળી ખારેક, બાજરાનો લોટ, પેંડા, સાટા, પકવાન. સંપર્ક : **86938 35501** 063 (1354)

Follow us on /gurjarmat

## ધંધાકીય

**મુલુંડ વેસ્ટમાં જેન્ટસ વેરનું બમ્પર સેલ સેલ સેલ**

પ્લસ સાઈઝની કોટન પેન્ટની અઢળક વેરાયટીઓ જોવા ખાસ પધારો. હોલસેલ ભાવમાં રીટેલ જેન્ટસ વેરમાં બ્રાન્ડેડ ફેબ્રીકમાં કોટન પેન્ટ, હોઝીયરી ટ્રેક પેન્ટ, બર્મુડા, જીન્સ (28 to 50), શર્ટ, ટી-શર્ટ (M to 8 XL) સાઈઝમાં અનેક વેરાયટીઓ ઉપલબ્ધ. ઓફર શર્ટ રૂા.300/-થી શરૂ. સિલેક્શન મેન્સ વેર, ગાલા નં.૫૪, રાજા ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, પી.કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. સમય ૧૦ થી ૭. સોમવાર બંધ. સંપર્ક : **દીપેન ભેદા- 9137501277** (1341)

*ત્યારે પ્રસરે*
*વિકાસની સુગંધ*
*હો મહેનતુ.*

*બિમાર પ્રીત!*
*ગળું ગાઈ ના શકે*
*હૈયાનું ગીત.*

*ખંત છે મિત્ર*
*સાવચેતી ભાઈ, ને*
*આશા છે ગુરુ.*

*બનજો પુષ્પ*
*હાજરીની સુગંધે*
*બાગ રચાશે.*

*વરસાદની*
*રમઝટથી તન*
*મન થિરકે*

*હોય સ્તુતિમાં*
*ને સહાનુભૂતિમાં,*
*ઈશ્વર સદા.*

**હાઈકુ**



કવિયત્રી
મંજુલા રાંભિયા

Click For Here

**જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ**

રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીઝનેબલ રેટની ગેરેન્ટી.

**હેતલ શાહ**
**98210 59549**



# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26



**PRIME** PEST CONTROL — BMC Approved

**Pest Control &**
Also Services For
**Mosquito & Bird Netting**


TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.



વર્ષ : ૨૭ ● અંક : ૨૮ ● સળંગ અંક : ૧૩૪૪ ● મુંબઈ ● બુધવાર ● તા.૩૧ જુલાઈ – ૬ ઓગસ્ટ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦




# પ્રાર્થનાસભા



ગામ : હાજાપર,
હાલે : મુલુંડ (મુંબઈ)

સ્વર્ગવાસ
૨૯-૦૭-૨૦૨૪

## સ્વ. ઈશ્વરભાઈ (સુભાષભાઈ) ગોપાલભાઈ યાદવ

અંબાજીધામ વાળા • ઉ.વ. (૬૩)

આપનો પ્રેમાળ અને વાત્સલ્ય ભર્યો ચહેરો,
આપનો શાંત, સરળ, ધાર્મિક સ્વભાવ, સદા આપશે અમને પ્રેરણા,
અને બની રહેશે અમારા પથદર્શક !
**અંબે માતાજી આપના આત્માને ચીરશાંતિ અને મોક્ષગતિ આપે એજ પ્રાર્થના**

**શોકાતુર પરિવાર**

ગં.સ્વ.કાંતાબેન ગોપાલભાઈ યાદવના સુપુત્ર. અશોકભાઈ, રાજેશ (રાજુભાઈ), શૈલેશભાઈના ભાઈ. મીનાબેન તથા ચંદ્રિકાબેનના દિયર. જ્યોતિબેનના જેઠ. નીતાબેનના પતિ, અર્પિતના પિતા. નિકીતાબેનના સસરા. ભાવિક, મનીષ, પારસના કાકા. શ્વેતા, રૂપલ, પલકના કાકાજી સસરા તથા પ્રથમના દાદાજી.

**લૌકિક વ્યવહાર બંધ છે.**

**પ્રાર્થના સભા : ૩૧-૦૭-૨૦૨૪ના બુધવારે સાંજે ૪.૩૦ થી ૬.૦૦**
**ગૌપુરમ હોલ, ડૉ.આર.પી.રોડ, જ્ઞાનસરિતા સ્કુલની બાજુમાં, મુલુંડ વેસ્ટમાં રાખવામાં આવેલ છે.**

**શ્રદ્ધાસુમન- સ્નેહી મિત્રો અને સ્વજનો**

Click For Here

પોસ્ટ ખાતાની વિવિધ બચત તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

અન્નદાન - મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ • અંક : ૨૮ • સળંગ અંક : ૧૩૪૪ • મુંબઈ • બુધવાર • તા.૩૧ જુલાઈ - ૬ ઓગસ્ટ ૨૦૨૪ • કુલ પાના : ૨૪ • કિંમત રૂ.૫.૦૦

# PAP અને ધારાવી રીડેવલપમેન્ટ પ્રોજેક્ટના અસરગ્રસ્તોને મુલુંડમાં શિફ્ટ કરવાના વિરોધમાં મુલુંડકરોની વિશાળ રેલી

એક જબરદસ્ત વિરોધ પ્રદર્શનના ભાગ રૂપે, મુલુંડ પૂર્વ અને પશ્ચિમના હજારો રહેવાસીઓ રવિવાર, તા. ૨૯ જુલાઈના BMC દ્વારા હાથ ધરાયેલા પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકો (PAP)ને તેમ જ ધારાવી રીડેવલપમેન્ટમાં ફ્લેટ મેળવવાને (અનુસંધાન ૬ઠ્ઠા પાને)




શ્રી વિમલ એસ્ટેટ
તાંબેનગર
1 RK પહેલા માળે
કિંમત-65 લાખ
98198 64456
81040 09694

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
1 BHK ઝવેર રોડ, ફુલ્લી ફર્નિશ્ડ વેચવાનો છે, 475+ કારપેટ 1.39 કરોડ (નેગોશિયેબલ)
8169222044







Click For Here

# આઠમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



જન્મ :
૨૭-૧૧-૧૯૪૮

દેહ વિલય :
૨૮-૦૭-૨૦૧૬

## સ્વ.અ.સૌ. નીતા (વિમળા) નરેન્દ્ર જોશી

શાંત-મિલનસાર અને પ્રેમાળ સ્વભાવી,
સૌને સહયોગી બનવા સદાય તત્પર રહેનારા,
પરોપકારી, લાગણીશીલ, કરૂણાહૃદયી સ્નેહમૂર્તિની
અકાળે વસમી વિદાયથી આઘાતની લાગણી
અનુભવીએ છીએ. હે પ્રભુ! દિવંગતના આત્માને
આપજો શાશ્વત શાંતિ એજ પ્રાર્થના.

શોકાતુર

નરેન્દ્ર લાલજી જોશી
અ.સૌ. માનસી મનીષ જોશી • મનીષ નરેન્દ્ર જોશી
અ.સૌ. નીલમ પિયુષ જોશી • પિયુષ ભરતભાઈ જોશી
પૂજા પિયુષ જોશી • ઈંશીતા પિયુષ જોશી
અ.સૌ. સ્નેહા કરણ વોરા • કરણ જયેશ વોરા
મહેક મનીષ જોશી


## PAP અને ધારાવી રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ... (૭મા પાનેથી ચાલુ)




સ્થળાંતર કરવાની યોજનાનો વિરોધ કરવા એક વિશાળ રેલી સ્વરૂપે રસ્તા પર ઉતર્યા હતા. આ રેલીના માધ્યમથી મુલુંડના રહેવાસીઓએ તેમની ચિંતાઓ અને ગુસ્સો વ્યક્ત કરીને મુલુંડની શેરીઓમાં એક નોંધપાત્ર કૂચનું આયોજન કર્યું હતું. ''પીએપી પ્રોજેક્ટ કાઢી નાખો'', ''મુલુંડ બચાવો'', અને ''નો-પીએપી-નો ધારાવી'' જેવા સૂત્રો સાથે ટોપીઓ પહેરેલા હજારો મુલુંડવાસીઓ, સમગ્ર મુંબઈમાં તમામ પ્રોજેક્ટના અસરગ્રસ્ત લોકો માટે કેલકર કોલેજ નજીક બંધાઈ રહેલા ૭૪૩૯ અપાર્ટમેન્ટના નિર્માણનો ઉગ્ર વિરોધ કરવા મુલુંડ ઈસ્ટમાં આવેલા મરાઠા મંડળ પાસે એકઠા થયા હતા.

મુલુંડ ઈસ્ટમાં ધારાવી રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે અપાત્ર હોય એવા લોકો માટે ૬૪ એકર જમીન ફાળવવામાં આવી છે. આ સિવાય અહીંના જૂના ઓક્ટ્રોયનાકાની૧૮ એકર,




૪૬ એકર જમીનમાં મુંબઈના વિવિધ પ્રોજેક્ટ્સમાં અસરગ્રસ્તો માટે મકાનો બાંધવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે, જેનો મુલુંડના નાગરીકો વિરોધ કરી રહ્યા છે.

આ વિશાળ રેલીમાં સહભાગી થનાર આંદોલનકારીઓએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ મુલુંડ પૂર્વમાં મૂળભૂત માળખાકીય સુવિધાઓ પર ભારે દબાણ લાવશે, જે પહેલાથી જ વિશાળ ટ્રાફિક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. સ્થાનિક નાગરીકો અથવા સાથે કોઈપણ ચર્ચા-વિચારણા કે મંતવ્યોની આપ-લે કર્યા વિના આ પ્રોજેક્ટ પસાર કરવામાં આવ્યો છે. છેલ્લા દસ મહિનાથી મુલુંડના રહેવાસીઓ આ પ્રોજેક્ટનો વિવિધ પ્રકારે વિરોધ કરી રહ્યા છે, તેમ છતાં સરકારે જાણીજોઈને તેમની ચિંતાઓને અવગણવાનું પસંદ કર્યું છે. મુલુંડકરો પુનર્વસનની વિરોધમાં નથી પરતું ૪૦ હજાર જેટલા PAP અસરગ્રસ્તો અને ૪ લાખ જેટલા ધરાવી રીડેવલપમેન્ટમાં અપાત્ર લોકોનું પુનર્વસન એકલા મુલુંડમાં કરવું એ અવ્યવહારૂ અને મુલુંડવાસીઓ માટે અન્યાયકર્તા છે. આ હજારો નવા ઘરોને કારણે મુલુંડ ઇસ્ટમાં પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, આરોગ્યસંભાળ અને શૈક્ષણિક સુવિધાઓ સહિત અનેક મૂળભૂત નાગરિક સુવિધાઓમાં ઉપર દબાણ આવશે, જે પહેલેથી જ બોજા હેઠળ છે. મુલુંડના રહેવાસીઓને સુઆયોજિત અને સ્વચ્છ પર્યાવરણમાં જીવવાનો અધિકાર છે, અને આ પ્રોજેક્ટ તે અધિકારને નબળો પાડે છે. અમારો વિરોધ આ અન્યાય સામે છે, અને જ્યાં સુધી અમારો અવાજ સાંભળવામાં


8879753249 / 9323953249
Roxy®
Since 1967
ISO 9001 : 2015 certified
LIBRARY
PRESERVING THE HABIT OF READING
Just Pay Rs. 500/-
Read as many Books as you want*
Shop No. 21, Trivrdi Tower, J. N. Road, Station Road, Mulund (West), Mumbai - 400 080.
Follow On Instagram
@roxytoylib @roxybooksandlibrary
** Our Branches Mulund / Thane / Dadar

Click For Here

# ઈન્વેસ્ટમેન્ટ કંપની ચલાવતા ગુજરાતી પિતા-પુત્રએ કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી

થાણે અને મુલુંડમાં રહેતા અનેક ગુજરાતી અને કચ્છીઓના કરોડો રૂપિયા લીધા બાદ છેતરપિંડી કરી હોવાના આરોપસર થાણે પોલીસની ઇકોનોમિક ઑફેન્સિસ વિંગ (EOW)એ નૌપાડા પોલીસ-સ્ટેશનમાં ગુજરાતી પિતા-પુત્ર સામે ફરિયાદ નોંધાવી છે. ઇન્વેસ્ટમેન્ટ કંપની ચલાવતા પિતા-પુત્ર સામે ફરિયાદ છે કે તેમણે નાગરિકો પાસેથી સતત પાંચ વર્ષ સુધી પૈસા લીધા હતા, જેની સામે તેમણે ઇન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ટૂર સ્પોન્સર કરીને પાંચ વર્ષની મુદત પૂરી થયા પછી ઇન્વેસ્ટમેન્ટની સંપૂર્ણ રકમ પાછી આપશે એવો વાયદો કર્યો હતો. જોકે રોકાણકારો પોતાના પૈસા પાછા લેવા ગયા હતા ત્યારે બન્ને પલાયન થઈ ગયા હોવાનો આરોપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

આ મામલાની ફરિયાદ નોંધાવનારા લલિત જૈને કહ્યું હતું કે ઇન્વેસ્ટમેન્ટ ગ્રુપ ચલાવતા વ્યક્તિએ વાયદો કર્યો હતો કે જો ૬૦ મહિના સુધી ૧૮,૫૦૦ રૂપિયા ભરવામાં આવશે તો દર વર્ષે એક વિદેશી ટૂર સ્પોન્સર કરવામાં આવશે, એવી જ રીતે ૯૦૦૦ રૂપિયા ૬૦ મહિના ભરશો તો દર વર્ષે ભારતમાં એક ટૂર સ્પોન્સર કરવામાં આવશે અને ૬૦ મહિના પૂરા થયા બાદ તમામ રકમ પાછી આપવામાં આવશે. મેં આ સ્કીમમાં ૨૮,૧૪,૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું જેનું રીફન્ડ મને એપ્રિલ મહિનામાં મળવાનું હતું. દરમ્યાન તેમના પુત્રએ અમને મોબાઈલ પર જાણ કરી હતી કે તેના પિતા ગુમ થઈ ગયા છે. અમે પુત્રને અમારા પૈસા પાછા આપવા કહ્યું ત્યારે તેણે વાતને ટાળવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં, તેની પાસેથી પૈસા વિશે કોઈ ચોક્કસ જવાબો પણ મળ્યા નહોતા. અંતે મેં વધુ તપાસ કરી ત્યારે મને જાણ થઈ કે આશરે ૧૦૦ જેટલા અન્ય રોકાણકારોએ આ સ્કીમમાં પોતાનાં નાણાં રોક્યાં હતાં જેમને પણ પૈસા પાછા મળ્યા નથી. આથી મેં નૌપાડા પોલીસ-સ્ટેશનમાં ફરિયાદ કરી છે.'

પિતા-પુત્રએ કરોડો રૂપિયા લીધા બાદ પાછા ન આપ્યા હોવાની કેટલીક ફરિયાદો અમને મળી હતી એમ જણાવતાં થાણે ખંડણી વિરોધી સેલના પોલીસ ઇન્સ્પેક્ટર વિજયકુમાર રાઠોડે કહ્યું હતું કે 'પ્રાથમિક માહિતી સામે આવ્યા બાદ અમે આ કેસમાં ૨૫ કરતાં વધારે લોકોનાં સ્ટેટમેન્ટ લીધાં હતાં જેમાં કરોડો રૂપિયા બન્નેએ લીધા હોવાનો આરોપ લગાડવામાં આવ્યો હતો. જોકે હવે આ કેસની આગળની તપાસ એજન્સી કરી રહી છે.'

ખંડણી વિરોધી પથકે સૌથી પહેલાં આ કેસમાં છેતરપિંડીનો ભોગ બનનારા લોકોનાં સ્ટેટમેન્ટ નોંધ્યાં હતાં. એને આધારે ઇકોનોમિક ઑફેન્સિસ વિંગે (EOW) વધુ તપાસ કરીને થાણેના નૌપાડા પોલીસને પિતા-પુત્ર સામે ગુનો નોંધવા કહ્યું હતું જેમાં લલિત જૈન ફરિયાદી છે. હવે આ કેસની વિગતવાર તપાસ EOW કરી રહી છે.


Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending
Photos and Videos.
Kalpesh Thakkar
9224944922, 9223944922

New Collection in Festival Season
M to 10 XL કુર્તી,
કુર્તી-પેન્ટ સેટ,
વેસ્ટર્ન ટોપ, વેસ્ટર્ન ગાઉન,
પેન્ટ, જેગીન, પાયજામા,
ટી શર્ટ, લેડીઝ નીકર
બધામાં નીત-નવિન
વેરાયટી જોવા આજે
જ મુલાકાત કરો.
Hemangi Dedhia
9987897979

મેડીક્લેઈમ પોલીસી
ફેમીલી ફ્લોટર મેડીક્લેઈમ
પોલીસી ૫ લાખથી ૧ કરોડ
ઉંમર ૦ થી ૭૫ વર્ષ મેડીકલ
રીપોર્ટ વગર, કેશલેશ કાર્ડ
સાથે પોર્ટેબીલીટી મળશે.
વધુ વિગત માટે સંપર્ક
દીલીપભાઈ-91366 21227

PART TIME JOB
A REPUTED MNC REQUIRE
Retired / VRS /
House Wives /
Senior Citizen to
Start Second Innings
Age 30 to 70 Years
Earn Rs.30,000 to 1,00,000+
PF + Medical + Foreign Tour
Call: 98199 11819

જશરાજ એન્ટીક ® સરોજ ગડા મુલુંડ (ઈ.)
(રાયધણજર/ગઢશીશા)
મોનસુન ધમાકેદાર સેલ સેલ સેલ
સ્પેશીયલ ઓફર...૧ ગ્રામ ગોલ્ડ કોર્મીંગ દાગીનાનું નજરાણું અદ્દભુત લેટેસ્ટ કલેક્શન. કુંદન + જડતર + અમ. અને દુબઈ કડા, બંગડી, પાટલી ટુટોન ચેન, ચંદનહાર, જવહાર અને પાટલા અને અનેક વેરાયટીઓનો ખજાનો. જે વર્ષમાં એક જ વાર આ ઓફર હોય છે. આવશો તો પામશો. મોનસુન સેલનો લાભ લેવા પધારો અને મનગમતી જ્વેલરીમાં મેળવો ભરપુર ફાયદો. રક્ષાબંધન, વીર પસલી, પર્યુષણ પર્વને ઉજવો ખુશીથી. ૧૦ થી ૪૦% ડીસ્કાઉન્ટ ઓફર.
તા. ૨૬, ૨૭, ૨૮ જુલાઈ ૨૦૨૪ સમય : ૧૧ થી ૮. ફોન કરી આવવું.
98218 54370, 77109 75159








Click For Here


## સ્વજનની પુણ્યતિથિએ તેમના પરિવારે ૨૧ દર્દીઓના મોતિયાના નિઃશુલ્ક ઓપરેશન કરાવ્યા




સ્વ. સીએ નરેનભાઈ ગોલેછાનો પરિવાર દરવર્ષે તેમની પુણ્યતિથિ નિમિત્તે જરૂરતમંદોને આંખની શસ્ત્રક્રિયા માટે મુલુંડ ઈસ્ટની હોસ્પિટલને દાન આપે છે. આ વર્ષે ગોલેછા પરિવાર દ્વારા નરેનભાઈની પુણ્યતિથિએ તેમની યાદમાં ૨૧ જરૂરતમંદ દર્દીઓના મોતિયાના નિઃશુલ્ક ઓપરેશન મુલુંડ ઇસ્ટની મહાત્મે હેલ્થ એન્ડ હેપિનેસ હોસ્પિટલમાં કરવામાં આવ્યા હતા. તસ્વીરમાં કેટલાક દર્દીઓ સાથે ગોલેછા પરિવારના સભ્યો જોઈ શકાય છે.

## મુલુંડ ઈસ્ટ-વેસ્ટ ફ્લાયઓવર પાસેના આઈલેન્ડ હાઈલાઈટરના સમારકામની તાતી જરૂરત

મુલુંડ ઇસ્ટમાં ગવાનપાડા સિગ્નલ અને ઇસ્ટ-વેસ્ટ ફ્લાયઓવરની વચ્ચે આવેલો આઈલેન્ડ હાઈલાઈટર તૂટી ગયો છે. આ ઉપરાંત આ આઈલેન્ડ ખૂબ લપસણો બની ગયો હોવાથી રાહદારીઓ અને વાહનચાલકો માટે જોખમી બની ગયો છે. કોઈ અકસ્માત થાય તે પહેલાં તેનું સમારકામ કરવાની તાતી જરૂરત છે.












## મુલુંડમાં અનેક સ્થળે ઝાડ પડવાની ઘટનાઓ સામે આવી







લગાતાર વરસાદ પડવાને કારણે અને ઝંઝાવતી હવાને પગલે આર.પી.રોડના જવાહર ટોકીઝ પાસે તા.૨૪ જુલાઈ બુધવારે ઝાડ પડતાં વાહન વ્યવહાર માટે રૂકાવટ થઈ હતી. ટી વોર્ડના કર્મચારીઓની સક્રિયતાને પગલે પડી ગયેલા ઝાડની ડાળખીઓ, થડ કટીંગ કરી મલબો હટાવી રસ્તો સાફ કરી લેતા લોકોને રાહત થઈ હતી. તે પ્રમાણે સ્વપ્ન નગરી પરિસરના સરદાર તારાસિંગ ગાર્ડન પાછળ પણ નાનું ઝાડ અને તેની પાંખી ડાળખીઓ ફૂટપાથ પર પડવાની ઘટના બની હતી.







Click For Here



# મુલુંડ પોલીસ સ્ટેશનમાં પોલીસ અધિકારીઓએ સિનિયર સિટીઝનો સાથે મિટીંગ કરી







***જયંતીલાલ મંગે***

શનિવાર તા.૨૭ જુલાઈના રોજ સવારના ૧૧ થી ૧ દરમ્યાન સિનિયર સિટીઝનની મિટિંગ મુલુંડ નેતાજી સુભાષ રોડ પર આવેલ પોલીસ સ્ટેશનમાં લેવાઈ.

Sr.PI શ્રી અજય જોષી તથા ACP શ્રી દળવી સાહેબના માર્ગદર્શન હેઠળ ૬૦/૬૫ વડીલ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં મહત્વની જાણકારીઓ અપાઈ ઘરની સુરક્ષિતતા કેમ વધારવી, મોબાઈલ ચોરીની ઘટના ન બને તે માટે જાગરૂકતા કેમ કેળવવી, ચેઈન સ્નેચીંગ કેમ રોકવું આવી મહત્વની બાબતો પર જાગરૂકતાની ચર્ચા કરી. આવનારા દિવસોમાં પણ દર અઠવાડીયે કે પંદર દિવસે આવી મિટિંગ રાખશું એવી ચર્ચા પણ કરવામાં આવી. ત્યારબાદ ચા–પાણી લઈ સૌ છુટા પડ્યા હતા.



## મુલુંડ ઈસ્ટમાં વસંતવિહાર બિલ્ડીંગ સામે ગટરનું પાણી ઉભરાઈ રહ્યું છે

મુલુંડ ઈસ્ટમાં વસંત વિહાર બિલ્ડીંગ અને મુલુંડ જીમખાનાની સામેના રોડ પર એક અઠવાડીયાથી ગટરનું ગંદુ પાણી ઉભરાઈ રહ્યું છે જેને લીધે આસપાસના વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ રહી છે. આવી જ પરિસ્થિતિ અહીંથી થોડે દૂર નવઘર લેન નં. ૨ સામે પણ છે. સ્થાનિક રહેવાસીઓ સોશિયલ મીડિયા પર બીએમસીને આ અંગે ઘટતું કરવા અપીલ કરી રહ્યા છે.











Click For Here

# મુલુંડ સેવા સંઘ અને ભાજપના સંયુક્ત આયોજનથી
# ૨૬મો વિદ્યાર્થી ગુણ ગૌરવ સમારોહ યોજાયો















તા.૨૭ જુલાઈ શનિવાર બપોરે ૪ કલાકે મહારાષ્ટ્ર સેવા સંઘ હોલ, જે.એન.રોડ મધે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં ૯૦ ટકા અને તેનાથી વધુ ગુણાંક મેળવનાર ૫૦૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન કરવાનો કાર્યક્રમ મુંબૈ બેંકના અધ્યક્ષ અને વિધાન પરિષદના ગટનેતા વિધાન પરિષદ સદસ્ય પ્રવીણ દરેકર અને મુંબઈ ભાજપ અધ્યક્ષ એડવોકેટ આશિષ શેલારના મુખ્ય અતિથિપદે યોજાયો. બંન્ને મહાનુભવોએ વિદ્યાર્થીઓને સન્માનિત કરી તેઓને ભવિષ્યની કારકિર્દી માટે માર્ગદર્શન કર્યું હતું. સિલિકા ફાઉન્ડેશનના કવિતા રેડકરે કેરિયર માર્ગદર્શન આપ્યું હતું.

વિશ્વની જરૂરિયાત ઓળખીને શૈક્ષણિક વ્યવસ્થા તમારા દરવાજા સુધી પહોંચી છે. જો વિદ્યાર્થીઓ વિશ્વની આ સ્પર્ધામાં સારી રીતે ઉત્તીર્ણ થશે તો દસ વર્ષની મહેનત અને ગુણવત્તાના કારણે ભારત વિશ્વમાં માનવશક્તિ પ્રદાન કરવામાં અગ્રેસર રહેશે.' આ શબ્દો મુંબઈ ભાજપા અધ્યક્ષ વિધાનસભા એડ્. આશિષ શેલારે ભાજપા મુલુંડ સેવા સંઘ અને ભૂતપૂર્વ નગરસેવક પ્રકાશ ગંગાધરેના નેજા હેઠળ યોજાયેલા ગુણવંત વિદ્યાર્થી ગુણગૌરવ સમારોહમાં તેમના પ્રવચનમાં કહ્યા હતા. તેમણે કહ્યું હતું કે વિશ્વ સાથેની સ્પર્ધામાં જીત મેળવવા માટે મોદી સરકારે રાષ્ટ્રીય શૈક્ષણિક ધોરણમાં સુવિધા ઊભી કરીને વિદ્યાર્થીઓને સવલત પૂરી પાડી છે. હવે અહીંયા ઉલ્ટી ગંગા વહે છે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવેલા એડવાન્સ બદલાવને કારણે વિશ્વની જાણીતી યુનિવર્સિટીઓ ભારતમાં આવી રહી છે અને તેઓ અહીંયા તેમની યુનિવર્સિટીઓ સ્થાપવા માટે ભારતને અરજ કરી રહ્યા છે.

પ્રારંભે મુલુંડ સેવા સંઘના અધ્યક્ષ અને પૂર્વ નગરસેવક પ્રકાશ ગંગાધરે ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમ અવસરે વિવેક સાપ્તાહિકના સંપાદક અને આર.એસ.એસ.ના રમેશજી પતંગે, સ્થાનિક સમાજસેવક બિરજુ મુંદડા, રાજ્ય અલ્પસંખ્યક આયોગના ઉપાધ્યક્ષ ચેતન દેઢિયા, ભાજપ ઈશાન્ય મુંબઈ જિલ્લા અધ્યક્ષ અશોક રાવ, મુલુંડ વિધાનસભા અધ્યક્ષ મનિષ તિવારી, ઈશાન્ય મુંબઈ જિલ્લા મહિલા મોરચા અધ્યક્ષા યોજના ઠોકલે, સિલિકા ફાઉન્ડેશનના સંસ્થાપક કવિતા રેડકર અને મુલુંડ સેવા સંઘના સચિવ વિનાયક સુતાર આદિ માન્યવર ઉપસ્થિત રહ્યાં હતાં.















Click For Here

# હિટ એન્ડ રનનું વધતું પ્રમાણ ચિંતાજનક




વાહનચાલકોના ગેરજવાબદારીભર્યા વલણને કારણે દેશભરમાં હિટ એન્ડ રનના કેસોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. તાજેતરમાં જ જોઈએ તો નાસિકમાં તેજ રફતાર કારમાં વાહનચાલક એક મહિલાને કચડીને ભાગી ગયો. વરલી વિસ્તારમાં એક પૂર ઝડપે આવી રહેલી કારએ એક સ્કૂટરને ટક્કર મારીને એક મહિલાનું મોત નીપજાવ્યું. પુણેમાં શ્રીમંત કુટુંબના કિશોર વયના નબીરાએ બે કરોડ રૂપિયાની કારને બેફામ ચલાવીને બે આઈટી પ્રોફેશનલ્સને મારી નાખવાનો કેસ પણ મીડિયામાં બહુ ચગ્યો હતો. આપણા મુલુંડમાં પણ ગયે અઠવાડિયે એક હિટ એન્ડ રનનો કિસ્સો બની ગયો.

તાર્કિક રીતે કહીએ તો અકસ્માતો સંપૂર્ણપણે અટકાવી શકાતા નથી પરંતુ તેને ટાળી શકાય છે અથવા તેની અસરની માત્રા ઘટાડી શકાય છે. માર્ગ અકસ્માતો વાહનચાલકની નાની સરખી ભૂલને કારણે થાય છે. વાહનોની સંખ્યાની સાથે સાથે વાહનચાલકોનું બેફામ અને બેજવાબદાર ડ્રાઈવિંગ પણ વધી રહ્યું છે. જો સમયસૂચકતા રખાય તો બંને પક્ષે ઓછું નુકસાન થાય છે. અકસ્માતની ઘટના બન્યા પછી કસૂરવાર માણસ સ્થળ છોડીને નાસી છૂટે છે જેને હિટ એન્ડ રન કહેવાય છે. હિટ એન્ડ રનને કારને વાહનચાલક સામે કાર્યવાહી થઇ શકતી નથી. રાત્રીના સમયે નીકળતા વાહનોમાં મુસાફરી કરતા લોકો ડ્રાઈવરની બેદરકારીને પગલે જીવ ગુમાવે છે અથવા જિંદગીભર માટે દિવ્યાંગ બનીને રહી જાય છે. આજકાલ બાઈકચાલકો બેફામ રીતે બાઈક્સને જાહેર રસ્તા પર દોડાવે છે અને તેના કારણે બેલેન્સ નહીં રહેતા રાહદારી અથવા કોઈ વાહન અડફેટે ચડે છે જેને લીધે જાનહાનિ સહીત એક યા બીજા પ્રકારનું નુકસાન થઇ જાય છે. એ જ રીતે ડ્રાઈવરની ચૂકથી ખાનગી કંપનીની કે સરકારી બસો ઊંડી ખાઈમાં ખાબકે છે. આ અકસ્માતો એવા હોય છે જેમાં બાળકો, વૃદ્ધો અને યુવાનો સુધ્ધાં ભોગ બને છે અને એ પૈકીના બચી ગયેલા આખી જિંદગી વિકલાંગ બનીને રહી જાય છે. આ પરિસ્થિતિમાં બચાવકાર્ય પણ જોખમી બની જાય છે. સ્થાનિક લોકો દોડી આવીને સ્થળ પર જરૂરી રાહત કામગીરી શું કરે છે. ટાંચા સાધનો હોવા છતાં તેઓ અકસ્માતનો ભોગ બનેલા લોકોની શક્ય તેટલી મદદ કરે છે.

શહેરોમાં થતા મોટા ભાગના અકસ્માતોમાં વાહનચાલકો ઘટનાસ્થળેથી ભાગી છૂટે છે. તેનું એક કારણ કદાચ એ પણ હોઈ કે અકસ્માત કરનાર વાહનચાલકને પકડીને સ્થાનિક લોકો ખૂબ પીટાઈ કરે છે. સ્પષ્ટ રીતે કહીએ તો હિટ એન્ડ રન એક અપરાધિક લાપરવાહી જ કહી શકાય. ચિંતાની વાત એ છે કે, હિટ એન્ડ રન કરીને ભાગી ચૂકેલાના કેસોમાં વાહનચાલક ઘણુંખરું પકડાતો નથી અથવા પોલીસની ધીમી તપાસમાં કોઈ પરિણામ આવતું નથી. એનું એક કારણ એ પણ છે કે પોલીસ લાપરવાહ વાહનચાલક સુધી પહોંચવાનો પ્રયત્ન કરતી નથી. હા, ક્યારે કોઈ ઘટના સાથે જોડાયેલા વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થાય અથવા અખબારોની હેડલાઈન બને ત્યારે પોલીસની સક્રિયતા નજરે પડે છે. ફરાર થઇ ગયેલો વાહનચાલક જો કોઈ ખમતીધર વ્યક્તિ હોય તો તે લાગવગ વાપરીને ભાગતો ફરે છે અને એ દરમ્યાન તપાસ ધીમી રહે છે.

હિટ એન્ડ રનના કેસ કોઈ એક રાજ્ય સુધી સીમિત નથી. રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ જેવા રાજ્યોમાં પણ લાપરવાહ વાહનચાલકોના કારણે અનેક લોકોના પ્રાણ ગયા છે. સૌથી મોટી વાત તો એ છે કે, મોટાભાગના હિટ એન્ડ રન કેસમાં અકસ્માત કરનારા વાહનચાલકનો પત્તો પણ લાગતો નથી. તાજેતારમાં બહાર પડાયેલા માર્ગપરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના આંકડાઓ સાચે જ ચમકાવી મુકે તેવા છે. આ આંકડા અનુસાર વર્ષ ૨૦૨૨માં હિટ એન્ડ રન અકસ્માતોમાં દેશભરમાં પ્રતિદિન, જી હાં, પ્રતિદિન ૮૪ લોકોએ જાન ગુમાવ્યા છે.આજે આ આંકડામાં ખૂબ વધારો થયો હોય એવી શક્યતાને નકારી શકાય નહીં.

## શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ દ્વારા સરકારની યોજનાના ફોર્મ ભરવા માટે સહાયતા કેન્દ્રની શરૂઆત

શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ દ્વારા ભારત સરકારની આયુષ્યમાન ભારત સારવાર યોજના તથા રાજ્ય સરકારની મુખ્યમંત્રી લાડલી બહેના યોજનાના માટે સરકારના નિયમ આધિન રજિસ્ટ્રેશન કરવા માટે ઈચ્છુક માટે મદદ કરવા સહાયતા કેન્દ્ર શરૂ કરેલ છે.

**આયુષ્યમાન ભારત સરકારી સારવાર યોજના :** આયુષ્યમાન ભારત સરકારી સારવાર યોજના અંતર્ગત સરકારના નિયમ આધીનનુ રજિસ્ટ્રેશન કરવા માટે આપને સહયોગ કરીશું. જરૂરી કાગળ પત્રમાં ૧) રાશન કાર્ડનું નવુ બાર કોડ ડિઝીટ કાર્ડ ૨) આધાર કાર્ડ મોબાઇલ નંબર સાથે લિંક કરેલુ જરૂરી રહેશે.

**મુખ્યમંત્રી લાડલી બહેન સરકારી યોજના :** મુખ્યમંત્રી લાડલી બહેન સરકારી યોજના માટેના ફોર્મ પણ મહાજનવાડી ખાતે મળશે અને રજિસ્ટ્રેશન કરવા માટે આપને સહયોગ કરવામાં આવશે. યોજના માટે લાગતા જરૂરી કાગળપત્ર ૧) રાશન કાર્ડ ૨) બેન્ક પાસબુક ૩) અરજદારનો ફોટો ૪) આધાર કાર્ડ મતદાર કાર્ડ અને પેન કાર્ડ ૫) સેલ્ફ ડિક્લેર ફોર્મ સહાયતા કેન્દ્રનો સમય-બપોરે ૩ થી ૬ વાગ્યા સુધી, સ્થળ મહાજન વાડી કાર્યાલય, આર. આર.ટી.રોડ મુલુંડ વેસ્ટ.

## શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ દ્વારા વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન સમારંભ

શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ દ્વારા મુલુંડમાં વસતા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન સમારોહનું આયોજન તા.૧૮ ઓગસ્ટ રવિવારના રોજ કરવામાં આવ્યું છે. ફોર્મ ભરવાની અંતિમ તા.૮ ઓગસ્ટ ૨૦૨૪ ગુરૂવાર સુધી રહેશે. ફોર્મ શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડના કાર્યાલયમાંથી મળશે.

## શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા નિઃશુલ્ક મેગા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન

શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા લાયન્સ ક્લબ ઓફ મુલુંડના સહયોગથી તા.૩ ઓગસ્ટ શનિવાર સવારે ૧૦ થી ૧ દરમ્યાન નિઃશુલ્ક મેગા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન લાયન્સ ક્લબ ઓફ મુલુંડ, વી.પી.રોડ, મુલુંડ વેસ્ટ ખાતે કરાયું છે. કેમ્પમાં આંખોના નંબરની તપાસ અને ચશ્મા, મોતિયા બિંદુ ઓપરેશન, બ્લડ સુગર, ક્રિએટનીન, બ્લડ પ્રેસર ઈત્યાદિ નિઃશુલ્ક તપાસણી, સાંભળવાની તકલીફ ધરાવતાઓને માટે ઓડિયો ગ્રામ ઈત્યાદિની તપાસણી નિઃશુલ્ક કરાશે. વહેલો તે પહેલોના ધોરણે સમય મર્યાદાને ધ્યાનમાં રાખી પેશન્ટનું રજિસ્ટ્રેશન થશે. રજિસ્ટ્રેશન ફી માત્ર રૂ.૫૦. રજિસ્ટ્રેશન કરવું જરૂરી છે. વધુ વિગત માટે સંપર્ક એસ.કે.પટેલ-૯૩૨૪૧૬૬૦૮૧, રમેશ કોટક-૯૨૨૩૨૧૮૨૩૧, અલ્પેશ દેઢિયા-૯૭૦૨૪૪૮૮૨૨, કલ્પના ખંધેડિયા-૯૨૨૧૫૧૮૮૪૯, દીપક શાહ-૯૩૨૨૬૦૨૫૯૦.

## શ્રી ચેકનાકા વાગલે ઈસ્ટેટ વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ મધે ચાતુર્માસ

શ્રી ચેકનાકા વાગલે એસ્ટેટ વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ શ્રીમાન ગાભુભાઈ મેકણભાઈ બૌવા જૈન ધર્મ સ્થાનકમાં લીં બડી અજરામર સંપ્રદાયના પ.પૂ.બા.બ્ર.પ્રતિજ્ઞાબાઈ મ.સા.જી તથા પ.પૂ.બા.બ્ર.પ્રતિમાબાઈ મ.સા.જી ઠાણા ૨ ચાર્તુમાસાર્થે સર્વ શ્રી સંઘમાં પધારેલ છે. પ્રાર્થના સવારના ૯ વાગે, વ્યાખ્યાન ૯.૩૦ થી ૧૦.૩૦ બુધવારના નારી સંસ્કાર શિબિર ૧૦.૧૫ થી ૧૧ વ્યાખ્યાન પછી નવકાર મંત્રના જાપ ચાલુ છે. દર્શન વંદન વાણીનો લાભ લેવા સંઘ તરફથી વિનંતી કરાઈ છે.

## હાશમભાઈ ખત્રી હાડકા દર્દ નિવારણ કેન્દ્ર છે

'આર્ય નિવાસ ટ્રસ્ટ' અને 'અંકિતા કોર્પોરેશન'ના સથવારે 'બહેના' દ્વારા મુલુંડમાં નિયમિત આયોજન થતાં કેમ્પમાં કચ્છ મુન્દ્રાના વૈધ હાશમ ખત્રી દ્વારા હાડકાના દર્દો જેવા કે સાયટીકા, સ્પોન્ડિલાઈટીસ, ફ્રોઝન સોલ્ડર તેમજ ઘૂંટણ, એડી, કમર, મણકાના દુઃખાવા અને સાંધાનું પકડાઇ જવું વગેરે હઠીલા દર્દોના નિરાકરણ અને પ્રાથમિક સારવાર નિદાન કેમ્પનું આયોજન શુક્રવાર, તા. ૦૨ ઓગસ્ટના આર્ય નિવાસ ટ્રસ્ટ હોલ, વિકાસ સેન્ટર, છઠ્ઠું માળે, નેતાજી સુભાષ રોડ, મુલુંડ (પશ્ચિમ) ખાતે કરવામાં આવ્યું છે. સમયની મર્યાદાઓને કારણે વહેલા તે પહેલા ધોરણે મર્યાદિત નામ લેવામાં આવશે. સંપર્કઃ શ્રીમતિ હિનાબેન સંઘવી : ૭૯૭૨૩૦૧૬૫૫

**વિચારમત**

## કચ્છ કોઠારા જી.ટી.હાયસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન

કોઠારા જી.ટી.સ્કૂલ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘનું એક સ્નેહમિલન આગામી ૧૫મી ઓગસ્ટે લોહાણા મહાજનવાડી, મુલુંડ (વે) ખાતે યોજાઈ રહ્યું છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. કચ્છના શૈક્ષણિક નકશા પર કોઠારા સ્કૂલનું નામ મોખરે છે. આજે ઘણા વિદ્યાર્થીઓ પોતાની આગવી ઓળખ અને સફળ કારકિર્દી ધરાવે છે. સોમચંદભાઈ લોડાયા અને એમની ઉત્સાહિત ટીમ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠન માટે ભારે જહેમત ઊઠાવી રહી છે જે ધન્યવાદને પાત્ર છે. કચ્છ-ગુજરાત-મહારાષ્ટ્રમાંથી વિદ્યાર્થીઓ હાજરી આપવા ઉત્સુક છે.

શેઠશ્રી ગોકુલદાસ તેજપાલની જન્મભૂમિ પરા આજે આ સ્કૂલ ચાલે છે. શેઠશ્રીના ટ્રસ્ટ દ્વારા અનેક સંસ્થાઓ ચાલે છે. મુંબઈમાં જી.ટી.હોસ્પિટલ, જી.ટી.હાઈસ્કૂલ, તેજપાલ ઓડીટોરિયમ, હવેલી, અતિથિગૃહ તેમજ કચ્છમાં કોઠારામાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિર, માંડવીમાં હાઈસ્કૂલ આવેલ છે. શેઠશ્રી સુધીરભાઈ તેજપાલ ટ્રસ્ટનું સુંદર સંચાલન કરી રહ્યાં છે. સંપર્ક સૂત્ર સોમચંદ લોડાયા-૯૩૨૨૨૭૫૪૪૦

– પ્રતાપ વી. ઠક્કર, પંકજ મંગલદાસ પલણ

Click For Here

# લાયન્સ ક્લબ ઓફ મુલુંડના નવા લાયન્સેટિક વર્ષનો વિવિધ સેવાકાર્યો કરી પ્રારંભ થયો














તા.૧ જુલાઈથી લાયન્સ ક્લબ ઓફ મુલુંડના નવા વરાયેલા પ્રેસિડન્ટ ભરતભાઈ છેડા પ્રેસિડન્ટશીપ હેઠળ નવા લાયન્સેટિક વર્ષનો પ્રારંભ વિવિધ સેવાકીય પ્રોજેક્ટ કરીને કરાયો. સમગ્ર જુલાઈ માસમાં થયેલ સેવાકાર્યોમાં લાયન મેમ્બર અને લાયન લેડીઝ મેમ્બર્સ ઉત્સાહપૂર્વક સહભાગી થઈ પ્રેરક સાથ આપ્યો હતો અને સેવા સમર્પણનો ભાવ પ્રસરાવ્યો હતો.

**તા.૧ જુલાઈ સોમવાર**ના રોજે નવા લાયન્સેટિક વર્ષના પ્રારંભને મંગલમય અને શુકનવંત બનાવવા મહાકવિ કાલિદાસ કોમ્પલેક્સમાં ગણેશ મંદિરમાં શ્રી ગણેશ ભગવાન અને શ્રી શિવશંકરજી સમક્ષ સવારે ૭.30 થી ૯.30 સુધી પૂજા, અર્ચન અને ભક્તિ આરાધના કરાઈ.

જ્યારે સાંજે ૭ કલાકે ક્લબના ઈમ્પિરીયલ લોન્જમાં ૬0 જેટલા જરૂરિયાતમંદ બાળકોને સૌ પ્રથમ બબલ સ્ટોલમાં રમાડી આનંદ મોજ કરાવી. ત્યારબાદ ગરમાગરમ નાસ્તો અપાયો. ચીફ ગેસ્ટ લાયન ધીરેન્દ્ર શાહ જ્યારે ડોનર લાયન પ્રશાંત પાઠક હતા. પ્રોજેક્ટ કોસ્ટ રૂ.૨૫ હજાર થઈ હતી.

**તા.૨ જુલાઈ મંગળવાર** લાયન્સ લેડી ઓક્ઝિલરી ઈન્સ્ટોલેશન કાર્યક્રમમાં ક્લબના પદાધિકારીઓ અને મેમ્બર્સ ભાગ લીધો હતો અને શુભેચ્છા પ્રદાન કરી હતી.

**તા.૩ જુલાઈ બુધવાર**ના સવારે ૯ કલાકે ગોરેગાંવ મુલુંડ લીન્ક રોડ પરની આરટીઓ ઓફિસમાં વોટર કૂલર ઈન્સ્ટોલેશન કરી અપાયું હતું. ચીફ ગેસ્ટ ટ્રાફિક પી આઈ અજીત સુલે હતા. ડોનર નિર્મલા મથુરાદાસ મજેઠિયા હતા. જ્યારે પ્રોજેક્ટ ચેરમેન લાયન રાજેશ મજેઠિયા હતા.

**તા.૪ જુલાઈ ગુરૂવાર**ના દિને લાયન્સ કીચન પ્રોજેક્ટ અંતર્ગત પ્રત્યેક સપ્તાહના દર ગુરૂવારના સાંજ સમયે અપાતા ઈવનિંગ મીલ્સ આજે ૫0 લાભાર્થીઓને અપાયું. પ્રોજેક્ટની સમગ્ર વર્ષની કોસ્ટ રૂ.૧.૫0 લાખ છે. ડોનર લાયન મનીષ શાહ જ્યારે પ્રોજેક્ટ ચેરમેન લાયન પિનાકી સારંગી અને પ્રોજેક્ટ ટીમમાં લાયન દિલીપ શીરગાંવકર, લાયન દોલત જમતાની અને લાયન શૈલેન્દ્ર મિનોચા.

**તા.૫ જુલાઈ શુક્રવાર**ના પર્યાવરણ જાગૃતના ધ્યેય સાથે ટ્રી પ્લાન્ટેશન કાલિદાસ ગાર્ડન અને લાલા દેવીદયાલ ગાર્ડન આ બે સ્થળે ૩૫ ઝાડ રોપણ કર્યું. પ્રોજેક્ટ ચેરમેન લાયન માયા કોઠારી, ચીફ ગેસ્ટ પ્રકાશ ચરટકર ડિસ્ટ્રીક તથા ભૂતપૂર્વ નગરસેવિકા સમિતા વિનોદ કાંબલે હતા.

**તા.૬ જુલાઈ શનિવાર** દર માસના પહેલા શનિવાર અપાતા કન્સ્ટ્રકશન સાઈટના કામગારોને સવાર સમયે નાસ્તો અપાયો. એલ.બી.એસ.રોડ પરની લાર્સન ટુબ્રો કંપનીના ૩૬0 ડિગ્રી રિજ્યુ પ્રોજેક્ટ સાઈટના 300 મજૂરોને આનો લાભ અપાયો હતો. પ્રોજેક્ટની રકમ રૂ.૧૨ હજાર છે. જેના સમગ્ર વર્ષના દાતા લાયન પ્રશાંત પાઠક. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન પિનાકી સારંગી, પ્રોજેક્ટ ટીમ લાયન દિલીપ શિરગાંવકર અને લાયન દોલત જમતાની પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર લાયન જિતેશ કારીયા તથા લાયન શૈલેન્દ્ર મિનોચા.

**તા.૭ જુલાઈ રવિવાર** લાયન સિગ્નેચર પ્રોજેક્ટ હેઠળ સવારે ૯ કલાકે ૧00 જેટલા રેગ્યુલર જરૂરિયાતવાળાઓને રાશનકીટ અને ૫0 દિવ્યાંગજનોને રાશન કીટ અપાઈ હતી. તદ્ઉપરાંત ૧૫0 જેટલા ગરજુઓને ૧૫0 ડાયાલિસીસ કુપનનું વિતરણ કરાયું. ડોનર લાયન બટુકભાઈ શાહ તથા લાયન ભવાનજી શાહ હતા. સેવા પ્રોજેક્ટના ચેરમેન લાયન રાજેશ મજેઠિયા, લાયન નિમિષ શાહ, સેક્રેટરી લાયન પલ્લવી અગ્રવાલ તથા લાયન શૈલેન્દ્ર મિનોચા હતા.

આજના દિવસે સાંજના કચ્છી નવા વર્ષ અષાઢી બીજ દિવસ નિમિત્તે શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડના સહકાર્યથી લોહાણા મહાજનવાડીમાં મેડિકલ કેમ્પ અને આઈ ચેકઅપ કેમ્પ યોજાયો. ચીફ ગેસ્ટ તરીકે ડ્રીસ્ટ્રીક્ટથી લાયન ભરત દત પધાર્યા હતા. પ્રોજેક્ટ ચેરમેન લાયન હરીશ જોબનપુત્રા તથા લાયન દીપક ઠક્કર તથા કોર્ડીનેટર લાયન માયા કોઠારી હતા.

**તા.૧૧ જુલાઈ ગુરૂવાર** લાયનસ કીચન પ્રોજેક્ટ હેઠળ દર ગુરૂવારેના સેવાકાર્યમાં સાંજ સમયે ઈવનીંગ મીલ ૫0 જરૂરિયાતમંદોને અપાયું. સમગ્ર વર્ષના ડોનર લાયન મનીષ શાહ, પ્રોજેક્ટ ચેરપર્સન લાયન પિનાકી સારંગી તથા પ્રોજેક્ટ ટીમમાં લાયન દિલીપ શીરગાંવકર, લાયન દોલત જમતાની, લાયન શૈલેન્દ્ર મિનોચા તથા લાયન વાસંતી લોડાયા.

**તા.૧૩ જુલાઈ શનિવાર** ડીસ્ટ્રીક કેબિનેટનો ઈન્સ્ટોલેશન કાર્યક્રમ કુરલા મધે બન્ટ સિંગ હોલમાં થયો. કાર્યક્રમના ચીફ ગેસ્ટ ડૉ.પેટી હીલ LCIF ચેરમેન અમેરિકા તથા ગેસ્ટ ઓફ ઓનર પ્રકાશ મહેતા ઈન્ટરનેશનલ ડીરેક્ટર હતા. ઈવેન્ટમાં વિવિધ ક્લબોમાંથી મોટી સંખ્યામાં મેમ્બર્સ પધાર્યા હતા. લાયન્સ ક્લબ ઓફ મુલુંડના પદાધિકારીઓ મેમ્બર્સ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

**તા.૧૭ જુલાઈ બુધવાર** સ્કીલ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ કોમ્પ્યુટર બેકીંગ કોર્સ વિથ જોબ ગેરેન્ટી સાથે જરૂરિયાતવાળા યુવકોને આપવાનો પ્રોજેક્ટ રાજ કોમ્પ્યુટર એકેડેમીના સહયોગથી શુભારંભ કરાયો. જેનો લાભ 30 સ્ટુડન્ટએ લીધો ૩ માસનો આ કોર્સ કરી વિદ્યાર્થીઓ પોતાના પગભેર થઈ આત્મનિર્ભર બની શકશે. પ્રોજેક્ટ કોસ્ટ રૂ.૩ લાખ છે. પ્રોજેક્ટના ડોનર અને પ્રોજેક્ટ ચેરપર્સન લાયન અલકા ભીડે, ચીફ ગેસ્ટ તરીકે જી.એસ.સ્કીલ ડેવલોપમેન્ટ લાયન માયા કોઠારી ઉપસ્થિત રહ્યાં હતાં.

**તા.૧૮ જુલાઈ ગુરૂવાર** લાયન્સ કીચન અંતર્ગત સાંજ સમયે ૫0 જેટલા લાભાર્થી જનોને ઈવનીંગ મીલ અપાયું. સમગ્ર વર્ષના ડોનર લાયન મનીષ શાહ, પ્રોજેક્ટ ચેરપર્સન પિનાકી સારંગી તથા પ્રોજેક્ટ ટીમના મેમ્બર લાયન વાસંતી લોડાયા, લાયન દિલીપ શિરગાંવકર, લાયન દોલત જમતાની અને લાયન શૈલેન્દ્ર મિનોચા.




**તા.૨૩ જુલાઈ મંગળવાર**ના ડ્રીસ્ટ્યુબિશન ઓફ ન્યુટ્રીશન મીલ અંતર્ગત અભ્યાસિકા, અમર નગર ખાતે સાંજ સમયે ૬0 જેટલા વિદ્યાર્થીઓને પૌષ્ટિક આહાર અપાયો હતો. પ્રોજેક્ટ કોસ્ટ રૂ.૧૮00 થઈ હતી. આ પ્રોજેક્ટના ડોનર લાયન ધીરેન્દ્ર શાહ તથા લાયન ઉમેશ બજાજ હતા. પ્રોજેક્ટ ચેરપર્સન ચૈતાલી ગડા, પ્રોજેક્ટ ટીમના મેમ્બર લાયન સચિન કુલકર્ણી, લાયન હેતલ પંડિત, લાયન હેતલ ગડા.

**તા.૨૫ જુલાઈ ગુરૂવાર**ના સાપ્તાહિક લાયન્સ કીચન પ્રોજેક્ટના આ માસના ચોથા ગુરૂવારે ૫0 લાભાર્થીઓને સાંજનું ખાણું અપાયું. સમગ્ર વર્ષના ડોનર લાયન મનીષ શાહ છે. પ્રોજેક્ટ ચેરપર્સન પિનાકી સારંગી તેમજ પ્રોજેક્ટ ટીમના મેમ્બર લાયન વાસંતી લોડાયા, લાયન દિલીપ શિરગાંવકર, લાયન દોલત જમતાની અને લાયન શૈલેન્દ્ર મિનોચા હતા.

**તા.૨૭ જુલાઈ શનિવાર**ના રોજે વિદ્યાર્થીઓને ઉપયોગી ચાર સેવા કાર્યો સંપન્ન થયા. સવારના ૧0 કલાકે વિવિધ શાળાઓના ૧૧00 વિદ્યાર્થીઓને લાયન લેડી ઓક્ઝિલરીના સહયોગથી શાળાના ગણવેશનું વિતરણ કરાયું. વિવિધ લાયન મેમ્બરોના સહયોગ દાનથી આ પ્રોજેક્ટ થયો. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન ધીરેન્દ્ર શાહ તથા એલ.એલ.શીલ અરોડા હતા. પ્રોજેક્ટની કુલ્લ રકમ રૂ.૬.૬0 લાખ થઈ હતી.

બીજો પ્રોજેક્ટ મર્સી મિશનનો જેમાં ૧00 સ્ટુડન્ટની સ્કૂલ ફી અપાઈ રૂ.૧ લાખનો આ પ્રોજેક્ટ હતો. જેના ચેરપર્સન લાયન ધીરેન્દ્ર શાહ હતા.

ત્રીજો પ્રોજેક્ટ શિક્ષા દિક્ષા અંતર્ગત કોલેજના ૧00 સ્ટુડન્ટોને કોલેજ ફી અપાઈ જે રકમ રૂ.૨ લાખ થઈ હતી. પ્રોજેક્ટના ચેરપર્સન લાયન ધીરેન્દ્ર શાહ હતા. આજના દિવસનો ચોથો વિદ્યાર્થીપયોગી પ્રોજેક્ટ મુલુંડ તેમજ ગ્રામીણ વિસ્તારના ૫00 વિદ્યાર્થીઓને દફતર, સ્કૂલ બેગ અપાઈ. આ પ્રોજેક્ટ રૂ.૧ લાખનો થયો હતો. પ્રોજેક્ટના ડોનર અને ચેરપર્સન ડૉ.રઘુનાથ શર્મા હતા. ચીફ ગેસ્ટ ડિસ્ટ્રીકના લાયન મનીષ લાંડગે અને ગેસ્ટ ઓફ ઓનર સીમા લાંડગે તથા લાયન દીપક ભુરાની હતા.






**તા.30 જુલાઈ મંગળવાર**ના ડ્રીસ્ટ્યુબિશન ઓફ ન્યુટ્રીશન મીલ અંતર્ગત અભ્યાસિકા, અમર નગર ખાતે સાંજ સમયે ૬0 જેટલા વિદ્યાર્થીઓને પૌષ્ટિક આહાર અપાયો હતો. પ્રોજેક્ટ કોસ્ટ રૂ.૧૮00 થઈ હતી.

આ પ્રોજેક્ટના ડોનર લાયન ધીરેન્દ્ર શાહ તથા લાયન ઉમેશ બજાજ હતા. પ્રોજેક્ટ ચેરપર્સન ચૈતાલી ગડા, પ્રોજેક્ટ ટીમના મેમ્બર લાયન સચિન કુલકર્ણી, હેતલ પંડિત, હેતલ ગડા.

તસ્વીર : તિલક લોડાયા









Click For Here



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૩૧ જુલાઈ - ૦૬ ઓગસ્ટ ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** તમે નકારાત્મક પરિસ્થિતિ કે ટીકાઓ સામે નમતું જોખવાના મૂડમાં નથી એમ દેખાય છે. આ રાશિની પરિણીત વ્યક્તિએ કોઈ ફેમિલી મેમ્બર ખોટી દિશામાં જતું હોય એવા સંજોગોમાં સ્પષ્ટવકતા બનીને તેને વારવાનો પ્રયાસ કરવો પડશે. સમયસર પગલા લેવાથી સ્થિતિ પલટાઈ જશે. જીવનસાથી તરફની તમારી સમજદારીપૂર્વકની વર્તણૂકથી લગ્નસંબંધ સુધરશે. વધુ પડતી પાર્ટીઓમાં રચ્યાપચ્યા રહેવાનું અને મોડે સુધી જાગવાનું છોડી દો એવી મારી સલાહ છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરી વખતે સાવધ રહેજો. **સ્ત્રીવર્ગ માટે :** તમારા વર્તનથી અને પસંદગીથી કોઈનું દિલ ન દુભાય એનું ધ્યાન રાખો.

**વૃષભ (બ,વ,ઉ) :** હાલ જૂના સંબંધો જાળવવા કે જીવનમાં નવી વસંતને મહોરવા દેવી તથા નવી નોકરી સ્વીકારવી કે હાલની અનુકૂળ નોકરી ચાલુ રાખવી એવી દ્વિધાઓ મનમાં ઊભી થશે. જીવનના ઘણાં ક્ષેત્રોમાં ભાવનાત્મક સ્થિતિ ઊભી થશે એમ દેખાય છે. કોઈની સાથેના સંબંધ બાબતે તમારે ખૂબ જ સમજદારીપૂર્વક વિચારવાની જરૂર છે. તમને જો શંકા હોય કે તે વ્યક્તિને કોઈ બીજા સાથે રિલેશન છે તો તેને મળતા રહેવાનું ડહાપણભર્યું નથી. લાંબા સમયથી સેવેલુ વિદેશયાત્રાનું સ્વપ્ન હવે સાકાર થશે, બસ હવે થોડી વિધિ જ પૂરી કરવાની રહેશે. **સ્ત્રીવર્ગ માટે :** ક્ષુલ્લક બાબતોને કારણે હતાશા ન ઘેરી વળે એનું ધ્યાન રાખજો.

**મિથુન (ક,છ,ઘ) :** આ સમય મક્કમ નિર્ધાર સાથે ઈચ્છાપૂર્તિનો અને મહત્વકાંક્ષાઓ આગળ વધારવાનો છે. જીભની મીઠાસ અને કુનેહથી મનસૂબા પાર પાડી શકશો એમ દેખાય છે. આવક વધી હોવાથી પ્રોપર્ટી માં ઈન્વેસ્ટ કરવાનો વિચાર સારો છે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે કદાચ વિદેશ જવાની શક્યતા ઊભી થશે અને ત્યાં ધારણા કરતા ઘણું વધુ શીખવા મળશે. મોડી રાત સુધી તમે પાર્ટીઓમાં અને મેળાવડાઓમાં રહો છો ને ખાવાપીવામાં પણ ધ્યાન નથી આપતા એ પરિવારના મેમ્બરોને પસંદ નહી પડે. બીમાર પડી શકો છો. **સ્ત્રીવર્ગ માટે :** કોઈ સંબંધી સલાહ માગશે, પરંતુ સલાહ આપતા પહેલા મુત્સદ્દીગીરી વાપરજો.

**કર્ક (ડ,હ) :** સામાન્યપણે તમે જીદ્દી સ્વભાવના છો. લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરશો તો અશક્ય કાર્યો પણ પાર પાડી શકશો એમ દેખાય છે. જીવનના આ તબક્કે નિરાશાજનક વિચારો પડતા મૂકવાની ફરજ પડશે. પોઝિટિવ વિચારો સાથે આગળ વધો. બ્રહ્માંડની ઈશ્વરીય શક્તિઓ તમને ફળદાયી તબક્કામાં પ્રવેશવામાં મદદરૂપ બનશે એ નક્કી જ છે. વિદ્યાર્થીઓ પરીક્ષા માટેની તૈયારી કરી શકશે પરંતુ વધુ પડતો આત્મવિશ્વાસ સફળતામાં બાધારૂપ બને એવી સંભાવના છે. કફ-શરદી અને પેટના રોગો થઈ શકે છે. વાહન અકસ્માતના યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** પરિવારના મેમ્બરો તરફથી જે શક્તિ મળે છે એ બદલ તેમની કદર કરો.

**સિંહ (મ,ટ) :** કામકાજમાં પૂરેપૂર ધ્યાન આપવાનો સમય છે. આળસુ બની ન જવાય એનું વિશેષ ધ્યાન રાખજો. એ માટે સતત કાર્યશીલ રહો અને તમારી આસપાસની દુનિયામાં શું બની રહ્યું છે એનું ધ્યાન રાખો એવી મારી ખાસ સલાહ છે. તમારું દિલ દુભાવ્યુ હોય એવા લોકોને માફ કરી શકશો અને આવો અભિગમ તમને ચેતનાના ઊંચા સ્તરે લઈ જશે એમ દેખાય છે. શેર અને સટ્ટામાં પૈસા રોકવાનો વિચાર સારો નથી. અગાઊ અજમાવેલી સ્કીમોમાં જ પૈસા ઈન્વેસ્ટ કરવાનું રાખો તો સારું. પ્રવાસ અને થોડા સમય માટે સ્થળાંતરની શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** ખુદમાં અને તમારી અંદરની સારી ભાવના પર શ્રધ્ધા રાખો.

**કન્યા (પ,ઠ,ણ) :** વધુ પ્રસન્નતા મળે એવા ઘણા પરિવર્તનો કરવા અંતરથી ઈચ્છી રહ્યા છો. હાલ ઊભી થયેલી પરિસ્થિતિનો બારીકાઈથી અભ્યાસ કરી એને સમજવાનું જરૂરી બનશે. કોઈ ચાહિતી વ્યક્તિ સાથે આત્મીય સંબંધો બાંધવામાં ડર ન રાખો. હાલનો સમય દૃઢ સંબંધો નિર્માણ કરવાનો છે. આથી તમારા વિચારો આક્રમક રીતે રજૂ ન કરો અને તમે જ સાચા છો એવો આગ્રહ પણ ન રાખો એવી મારી સલાહ છે. ઘટનાઓ ઝડપથી અને ઊત્સાહજનક વળાંક લે એ માટે ઈશ્વર પર ભરોસો રાખી આગળ વધો. માથાના દુખાવાની કે આધાશીશીની ફરિયાદ રહે. **સ્ત્રીવર્ગ માટે :** હાલ પરિવાર સાથે સમય વિતાવો અને પ્રેમના સંબંધોને દૃઢ બનાવો.

**તુલા (ર,ત) :** અત્યાર સુધી તમે ખૂબ કામ કરી રહ્યા હતા. આથી એક નાનકડો વિરામ લેવાનો વિચાર ઘણો સારો છે. ફરી એકવાર અનેક વિકલ્પોમાંથી પસંદગી કરવાનો પ્રસંગ ઊભો થશે. જ્યારે મનમાં શંકા ઊભી થતી હોય ત્યારે નિર્ણય લેવાનું બીજા અઠવાડિયા પર રાખો એવી મારી સલાહ છે. કર્મની વર્તમાન ગતિ દરમ્યાન એ સ્પષ્ટ બનશે કે તમારે તમારી તાકાત પર જ ઊભા રહેવાનું છે. ઘરના વાતાવરણને કારણે ટેન્શનમાં આવી ગયા છો? ધીરજ રાખો. સમય જતા આપોઆપ વાતાવરણ હળવું થઈ જશે એમ દેખાય છે. ડાયેટિશ્યનને કન્સલ્ટ કરવાનો વિચાર સારો છે. **સ્ત્રીવર્ગ માટે :** રસ્તા પર બનતી વાનગી ન ખાશો અન્યથા બીમારી પડશો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા મૂળભૂત સ્વભાવને બદલવાનો સભાનતાપૂર્વક પ્રયાસ કરીને સિધ્ધિઓ મેળવી છે એ તમે જાણો છો. હાલ બધુ જ તમારા નિયંત્રણ હેઠળ રહેશે. આવા સમયે ચોક્કસ નિર્ણયો લેવા અને એને અમલમાં મૂકવા ઈચ્છી રહ્યા છો એમ દેખાય છે. એ કાર્યોનું જે પરિણામ આવે એની જવાબદારી સ્વીકારવા પણ તમે તૈયાર છો એ સારી વાત છે. હવે પછી આત્મવિશ્વાસમાં વધારો થતો જશે અને વધુ ને વધુ આત્મનિર્ભર બની શકશો. આ સપ્તાહ રોમેન્સ, નવા લોકો સાથેની મુલાકાત અને મંત્રણાઓ માટે પણ સાનુકૂળ છે. અપરિણીતોને અચાનક પ્રિયપાત્ર સાથે મુલાકાત થશે. **સ્ત્રીવર્ગ માટે :** ગઈ ગુજરી વીસરી જાઓ અને અર્થપૂર્ણ લાગે એ વિષયોમાં રસ લો.


**ધન (ભ,ધ,ફ,ઢ) :** બિઝનેસ વિશે ચોક્કસ નિર્ણયો લેવા પડશે. એ નિર્ણયો પરિવારને પણ અસર કરશે. આથી ભૂતકાળ અને ભવિષ્ય ને નજર સમક્ષ રાખીને કાળજીપૂર્વક નિર્ણય લેજો એવી મારી સલાહ છે. જીવનમાં મહત્વના પરિવર્તનનો તબક્કો શરૂ થઈ ચૂક્યો છે. હાલ નાજુક મુદ્દાઓ પર વાતચીત કરવી પડશે. ખુલ્લા મને સીધી વાતચીત કરશો તો સમસ્યાઓ ઊકેલી શકશો એમ જણાય છે. જીવન સરળતાથી આગળ વધતું રહે એ માટે જીવનસાથી સાથેના સંબંધો દૃઢ રાખજો. તંદુરસ્તી જળવાય એ માટે પૂરતી ઊંઘ લેતા રહો અને નકારાત્મક આદતોનો ત્યાગ કરો. **સ્ત્રીવર્ગ માટે :** ભાગદોડ ઓછી કરો અને પગના દુખાવાનું કારણ જાણી લો.

**મકર (ખ,જ) :** ઘણા લોકોએ ભૂતકાળમાં તમને નુકસાન પહોંચાડયું છે. જોકે તમે બધુ ખામોશીથી સહન કરી લીધું છે. હવે નસીબ તમને સાથ આપી રહ્યું છે ત્યારે તેમની સાથે હિસાબ ચૂકતે કરવાની જરૂર નથી એમ મને લાગે છે. બધા કામ જાતે કરવાની આદતને પરિણામે છેવટનું પરિણામ સારૂં જ આવશે એ નક્કી છે. સતત કામ કરતા રહેવાને બદલે ક્યારેક ઈચ્છા ન હોય તો પણ આનંદ મેળવવા સમય કાઢો તો સારૂં. જીવનમાં આવનારા પરિવર્તનો અત્યાર સુધી વિચાર્યું નહીં હોય એવી એક નવી દિશામાં લક્ષ કેન્દ્રિત કરવા ફરજ પાડશે. કર્મનો ન્યાય કેવી રીતે મળે છે એ થોડા વખતમાં જ તમને સમજાશે. **સ્ત્રીવર્ગ માટે :** આરોગ્યપ્રદ ખોરાક લો અને કસરત ચાલુ રાખો.

**કુંભ (ગ,સ,શ,ષ) :** જીવનમાં ધીમે-ધીમે સ્થિરતા આવી રહી છે. બ્રહ્માંડની કુદરતી શક્તિઓ તમારા જીવનના દરેક ક્ષેત્ર પર કૃપા વરસાવી રહી છે. અત્યાર સુધી ધીરજ રાખી છે એના ફળ હવે મળશે એમ જણાય છે. નિવાસસ્થાન બદલવાની કે બીજી જગ્યામાં કે ઓફિસમાં સ્થળાંતરની પ્રબળ શક્યતા છે. યુવાનીનો તરવરાટ જાળવી રાખો અને જીવનનો આનંદ માણો. નવા વિચારો દૃષ્ટિકોણ વ્યાપક બનાવશે. હાલ તમને જે યોગ્ય લાગતું હોય એના પર ધ્યાન કેન્દ્રિત કરો એવી મારી સલાહ છે. ધ્યેય સિધ્ધ કરવા આગળ વધો. આકસ્મિક ધનલાભની પૂરેપૂરી શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** તમને સાચુ લાગે એ કહેવું હોય ત્યારે પહેલા પૂરતો વિચાર કરો અને પછી બોલો.

**મીન (દ,ચ,ઝ,થ) :** આકાશના તારા તોડી લાવવાની ક્ષમતા તમે ધરાવો છો. હાલના સર્જનાત્મક અને સંતોષપ્રદ સમયમાં સ્વપ્નો હાથવેંત લાગતા હશે. હાથ પરના તમામ કાર્યો પૂરા કરવાની ક્ષમતા તો તમે ધરાવો જ છો, પણ એક સાથે અનેક કાર્યો કરવાનો પ્રયાસ કરવાને પરિણામે ઠરાવેલી સમયરેખાનું પાલન કરી શકતા નહીં હો એમ દેખાય છે. ભૂતકાળના બે મિત્રો જીવનમાં પ્રવેશશે અને તમારા આશ્ચર્ય વચ્ચે ફરી મૈત્રીનો તંતુ સાંધશે. લાંબા સમયથી ચાલતા કોર્ટ કેસનો ટૂંકમાં નિકાલ આવશે. પરિવારમાં મેમ્બરનો ઊમેરો થઈ શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** પ્રિયજન પ્રત્યેની વફાદારી પ્રદર્શિત કરશો તો લગ્નજીવન વધુ દૃઢ બનશે.

## Accupuncture (ઍક્યુપંક્ચર)



આશરે ૫૦૦૦ વર્ષ જૂની વિકાસ પામેલી ચાઈનીઝ ઉપચાર પદ્ધતિ છે. તેમાં ખાસ પ્રકારની બનાવેલી સોય દર્દીના શરીરમાં ભોંકી દર્દીનો રોગ દૂર કરવામાં આવે છે. આ પધ્ધતિના સિધ્ધાંત પ્રમાણે શરીરના જીવનશક્તિ તરીકે ઓળખાતા પ્રવાહમાં કોઈ અવરોધ પેદા થાય ત્યારે રોગ થાય છે. આથી આવા અવરોધને દૂર કરવામાં આવે તો રોગ પણ દૂર થઈ શકે છે. તેના માટે શરીરમાં જુદાં જુદાં આશરે ૧૦૦૦ બિંદુઓ શોધી કાઢવામાં આવ્યાં છે. ત્યાં સોય ભોંકવાથી અમુક ચોક્કસ પ્રકારની અસર પેદા થાય છે. આ બિંદુને ઍક્યુપંક્ચર બિંદુ કહે છે. સોયને ઈલેક્ટ્રોસ્ટિમ્યુલેટર નામના સાધનાના તાર જોડીને તેને ઉત્તેજિત કરવામાં આવે છે.

આ રોગોમાં ફાયદો કરી શકે છે :

• સંધિવા • ડોક-કમર-ઘૂંટણના દુ:ખાવા • રાંઝણ (sciatica) • શરદી • લકવા • ચહેરાનો દુ:ખાવો • આંચકી • આધાશીશી-માથાનો દુ:ખાવો • ખભાનું જકડાઈ જવું • પગને એડી અને તળિયા • અનિદ્રા.

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

## મુંબઈમાં સચરાચર વરસાદને પગલે પાણી કાપ સદંતર પાછો લેવાયો

મુંબઈ મહાનગરને પાણી પુરવઠો કરનારા સાતેય જળાશયોમાં જુલાઈ મહિનામાં ધોધમાર વરસાદ કારણે સાતમાંથી ચાર જળાશયો છલકાઈ ગયા છે. સતત પડી રહેલા વરસાદને પગલે જળાશયોની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી આખરે મુંબઈમાં રહેલો ૧૦ ટકા પાણીકાપ સોમવાર, તા.૨૯ જુલાઈથી પાછો ખેંચી લેવાની જાહેરાત મુંબઈ મહાનગરપાલિકાએ કરી છે. સાતેય જળાશયોમાં આવતા વર્ષના એપ્રિલ સુધી ચાલે એટલું પાણી જમા થઈ ગયું છે.

જૂન મહિનામાં છૂટોછવાયો વરસાદ પડયા બાદ પહેલી જુલાઈથી આજ સુધી સમયગાળામાં વરસાદ સતત ચાલુ રહ્યો છે, તેને કારણે જળાશયોમાં પાણીની સારી એવી આવક થઈ છે. પહેલી જુલાઈએ જળાશયોમાં માંડ પાંચ ટકા પાણી હતું, તેમાં વધારો થઈને ગુરુવાર, ૨૫ જુલાઈ, ૨૦૨૪ના સવારના જળાશયોમાં પાણીનો સ્ટોક ૭૦ ટકાથી વધુ થઈ ગયો છે. ઑગસ્ટ, સપ્ટેમ્બર, ૨૦૨૪ મહિનામાં પણ સારો વરસાદ પડવાની શક્યતા છે. તેથી તેને ધ્યાનમાં રાખીને મુંબઈમાં અમલમાં રહેલો ૧૦ ટકા પાણીકાપ સોમવાર, ૨૯ જુલાઈ, ૨૦૨૪થી પાછો ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું કમિશનર ભૂષણ ગગરાણીએ કહ્યું હતું. મુંબઈની સાથે જ થાણે શહેર, ભિવંડીને પણ પાલિકા દ્વાર પાણી આપવામાં આવે છે, તેમના પર લાગુ કરાયેલો ૧૦ ટકા પાણીકાપ પણ પાછો ખેંચવામાં આવ્યો છે.

પાલિકાએ ૩૦ મે, ૨૦૨૪થી મુંબઈમાં પાંચ ટકા તો ૫ જૂન ૨૦૨૪ થી વધુ ૫ ટકા પાણીકાપ લાગુ કરવાનો નિર્ણય લીધો હતો.

એક દિવસમાં બે જળાશયો છલકાયાં

જુલાઈ મહિનામાં પડેલા મુશળધાર વરસાદે મુંબઈગરાની પાણીની સમસ્યા દૂર કરી નાંખી છે. મુંબઈને પાણી પૂરું પાડનારા સાત જળાશયોમાંથી ગુરવારે વહેલી સવારે વિહાર અને ત્યારબાદ બપોરના મોડક સાગર છલકાઈ ગયું હતું. એ સાથે જ અત્યાર સુધી ચાર જળાશયો છલકાઈ ગયા છે.

આ અગાઉ તા.૨૦ જુલાઈના તુલસી તળાવ તો બુધવાર, તા.૨૪ જુલાઈના તાનસા તળાવ છલકાઈને વહેવા માંડયું હતું.

Click For Here

# કિક બોક્સિંગ એન્ડ કુંગ ફૂ એસોસિએશન (KKFA) મુલુંડઃ આપની ફિટનેસ યાત્રાના માર્ગદર્શક








કિક બોક્સિંગ અને કુંગ ફૂ એસોસિએશન (KKFA) ના સ્થાપક ઓમકાર પવાર દ્વારા તાજેતરમાં મુલુંડમાં KKFAની શાખા શરૂ કરવામાં આવી છે. મુંબઈ, નવી મુંબઈ અને રાયગઢ જીલ્લામાં KKFAની ૨૫ જેટલી શાખાઓ છે. KKFAની મુલુંડ બ્રાંચના હેડ સાઈ રાજ સરએ જણાવ્યું હતું કે, ટકાઉ ફિટનેસ યાત્રા માટે KKFA ઉત્તમ માર્ગદર્શક છે. ચીલાચાલુ ફિટનેસ સેન્ટર્સથી વિપરીત, વિવિધ વર્કઆઉટ્સ અને પરંપરાગત કસરતોના સંયોજન દ્વારા લાંબા ગાળાના પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. અમારો અભિગમ શરીરના વજનની તાલીમ (બોડી વેઇટ ટ્રેઈનિંગ) પર ભાર મૂકે છે, જે તમને શોર્ટકટ પર આધાર રાખ્યા વિના તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. KKFA પરિવારમાં જોડાઓ અને અમારી સાથે તમારી ફિટનેસ યાત્રા શરૂ કરો! અમારા કાર્યક્રમો ૪વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓ માટે યોગ્ય છે, કારણ કે આ તેમની આસપાસના વાતાવરણ વિશે જાગૃતિ કેળવવા અને શારીરિક પ્રવૃત્તિમાં આનંદ અનુભવવાની આદર્શ ઉંમર છે. KKFAમાં, અમે માનીએ છીએ કે ફિટનેસની કોઈ વય મર્યાદા નથી-તે જીવનભરનોપ્રવાસ છે જે તમારા છેલ્લા શ્વાસ સુધી સમર્પણ અને જુસ્સા સાથે આગળ વધી શકે છે. KKFA સાથે જોડાઈને તમારામાં છૂપાયેલી તંદુરસ્ત અને આનંદી વ્યક્તિને શોધો!''

રવિવાર, તા.૨૮ જુલાઈ ૨૦૨૪ના રોજ KKFA ફાઈટર્સ ઈન્ટરક્લબ કોમ્પીટીશનનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં



ચાર જીલ્લાના ૫૦થી પણ વધુ એથ્લીટ્સએ કિકબોક્સિંગ, બોક્સિંગ તેમજ અન્ય પરંપરાગત રમતોમાં ભાગ લીધો હતો. આ ઇવેન્ટને સફળ બનાવવા માટે સ્પર્ધકોના માતા-પિતા, સમર્થકો અને KKFA ફાઇટર્સ પરિવારના સહયોગ મળ્યો હતો. બધા સહભાગીઓ અને વિજેતાઓને અભિનંદન! ઈવેન્ટના સ્પોન્સર્સ વિધાતા ઇમ્પેક્ષ, કલાઉડ નાઈન, ગુરમેટ કેટરિંગ હતા.આ પ્રસંગની શોભા વધારનાર KKFA પરિવારના વિશેષ અતિથિઓ વિવેક દ્વિવેદી, અજય બુંદેલા, સુરજ નાઈક, અજિન્ક્ય દાસ, રોનક ભદ્રા, વરુણ જાની, ચિંતન ઠક્કર અને વિનય સરનો સાથ મળ્યો હતો.

સંપર્ક : KKFA, આમંત્રણ હોટલની ઉપર, ૧લે માળે, જે.એન.રોડ, મુલુંડ (વેસ્ટ). ઓમકાર પવાર : ૮૪૨૨૦૦૭૨૭૭, સાઈરાજ સર : ૭૨૬૨૯૧૪૯૯૭




NOW IN MULUND PANCH RASTA



• Chole Bhatura • Makkai Di Roti • Sarson Da Saag

Happy Hours 4 to 7 pm
- Chole Puri
- Rasiley Aloo Puri
- Papdi Chaat
- Samosa Chaat
- Tokri Chaat
- Chatpata Aloo Chaat
- Aloo Basket
- Cheese Cigar
- Punjabi Dahi Bhalle
- Cheese Loaded Chips
- Honey Potato
- Spring Rolls

Shop No. 2, B Wing, Balaji Accolade, Near Panch Rasta, Mulund West. Contact : 9137246721

B-12/13, Golden Willows, Vasant Garden, Near Swapnanagari, Mulund (West), Contact : 90822 02154

mannpunjabiofficial mannpunjabiofficial

A Speciality Vegetarian Cuisine

Mann Punjabi

"Authentic Punjabi Flavours"

Pure Veg!!

We Take Bulk & Party orders.

We serve Jain Food

Authentic North Indian Cuisine.

Catering Service also available

We are Available

zomato SWIGGY


Click For Here




Click For Here

# રોટરી ક્લબ ઓફ મુલુંડના ૬૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર મહિલાની પ્રમુખ તરીકે નિયુક્તિ થઈ





રોટરી ક્લબ આંતરરાષ્ટ્રીય સંસ્થા વિશ્વના ૨૦૦થી વધુ દેશોમાં તેમજ ભારતના દરેક રાજ્યોમાં તેમજ મુંબઈના દરેક પરામાં ફેલાયેલી સામાજીક સેવા કરતી સંસ્થા છે.

રોટરી ક્લબ ઓફ મુલુંડ તેના ઝળહળતા ૬૦ વર્ષ પૂરા કરીને ૬૧માં વર્ષમાં પ્રવેશેલ છે. મંગળવાર, તા.૧૬મી જુલાઈના રોજ યોજાયેલ. સમારંભની શરૂઆતમાં રાજેશ ગાંધીએ પધારેલ સર્વે મહાનુભાવોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ગત વર્ષના પ્રમુખ હિતેશ ગણાત્રાના વર્ષે દરમ્યાનના સંપૂર્ણ સેવા કાર્યોની સિધ્ધિઓનો વિઝ્યુઅલ પ્રવાસ સાથે ગત વર્ષના માનદમંત્રી શ્રીમતી સીમા જોષીએ માહિતી આપી.

રોટરીના વી.એલ.એસના પ્રોજેક્ટ ચેરમેન સુધીર જોષીએ વોકેશનલ લોન સ્કોલરશીપ પ્રોજેક્ટનો સંપૂર્ણ અહેવાલ આપ્યો. ત્યારબાદ હિતેશ ગણાત્રાએ ૨૦૨૪-૨૦૨૫ના પ્રમુખ શ્રીમતી સીમા સુધીર જોષીનો પરિચય આપી તેમને પ્રમુખ તરીકેની જવાબદારી વિધિપૂર્વક સોંપી. રોટરી ક્લબ ઓફ મુલુંડના ૬૦ વર્ષના ઈતિહાસમાં શ્રીમતી સીમા જોષી પ્રથમ મહિલા પ્રમુખ બન્યા છે.

શ્રીમતી સીમા જોષીએ ગત વર્ષના પ્રમુખ હિતેશ ગણાત્રાને ધન્યવાદ આપી જણાવ્યું હતું કે પોતાના કાર્યકાળના વર્ષમાં ક્લબના સ્કૂલ પ્રોજેક્ટ ચાલુ રાખશે જેમાં વી.એલ.એસ.મુલુંડ ભૂષણ એવોર્ડ, રોટરી સ્કૂલ ફોર ડેફ તેમજ નવા પ્રોજેક્ટમાં રોટરી સ્ટડી સેન્ટર, પીડીયાટ્રીક હાર્ટ સર્જરી તેમજ ૧૦૦ આંગણવાડીના બાળકોને આખા વર્ષ માટે દરરોજ પોષણ આહાર કાર્યક્રમ વિગેરે વિગેરે.

આ પ્રસંગે બુલેટીન એડિટર ડૉ.રાજેશ અગ્રવાલ દ્વારા સંપૂર્ણ માહિતી સાથેના ક્લબના 'સ્પાર્ક' નામનું બુલેટીનનું વિમોચન કરવામાં આવ્યું હતું.

નવા વર્ષના માનદ્ મંત્રી શ્રીમતી તારા અશ્વીન માલદેએ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સનો પરિચય આપ્યો. ચીફ ગેસ્ટના હસ્તે તેઓની નિમણુંક કરવામાં આવી.

નવા વરાયેલા ખજાનચી શ્રીમતી દિપ્તી ગોસરાણીએ ત્રણ નવા મેમ્બર્સનો પરિચય આપ્યો અને દિપક લાલાએ તેમને શપથ લેવડાવ્યાને ચીફ ગેસ્ટને હસ્તે ત્રણેય મેમ્બરને સભ્યપદની પીન આપી સ્વાગત કરવામાં આવ્યું.

ભૂતપૂર્વ રોટરી ઈન્ટરનેશનલ ડાયરેક્ટર અશોક મહાજને શુભેચ્છા આપી અને બાળકોની સર્જરી કેમ્પ માટે મેળવેલ રૂ.૨૦ લાખનો ચેક પ્રમુખ સીમા જોષીને અર્પણ કર્યો. ચંદર ગોલાણીએ આસિસ્ટન્ટ ગર્વનર શ્રીપાલ દફતરીનો પરિચય કરાવ્યો હતો. શ્રીપાલ દફતરીએ ક્લબને આર્શીવચન આપ્યા. મુખ્ય અતિથિ રોટરી ઈન્ટરનેશનલ ડાયરેક્ટર એડ.રાજુ સુબ્રમણ્યમનો વિડિયો દ્વારા પરિચય આપ્યો. અતિથિ વિશેષ એડ.રાજુજીએ ક્લબના સર્વે પ્રોજેક્ટ વખાણ્યા અને ધન્યવાદ આપ્યા. તેમજ નવા વર્ષની શુભેચ્છા આપી. આ સમારંભમાં રોટરી ડીસ્ટ્રીકના સર્વે મહાનુભાવો, નજીકના ક્લબમાંથી આવેલ પ્રમુખો તેમજ પદાધિકારીઓ, ક્લબ મેમ્બર્સ, સર્વે મહેમાનોની ઉપસ્થિતિથી સમારોહની શોભામાં અભિવૃધ્ધી થઈ હતી. આવતા વર્ષના ચૂંટાયેલ પ્રમુખ વિશાલ ઠક્કરે આવેલા સર્વે મહેમાનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

ઉપરોક્ત માહિતી પી.આર.ઓ. શ્રીમતી અનુસયાબેન આર.શાહએ અખબારી યાદી દ્વારા જણાવેલ છે.






DISCOUNTED HEALTH CHECKUP

BLOOD TEST PACKAGE AT Rs.1990/- only

Mulund (East)

TEST
- CBC
- T3, T4, TSH
- VIT. B12
- VIT. D3
- HbA1c
- LIPID PROFILE
- Fasting Bl. Sugar
- S. Creatinine
- S.G.P.T.

Mulund (East)

INDIVIDUAL DISCOUNTED RATE

| Test | Rate | Discount Rate | Test | Rate | Discount Rate |
|---|---|---|---|---|---|
| CBC | Rs.300 | Rs.170 | VIT. D3 | Rs.1650 | Rs.790 |
| T3, T4, TSH | Rs.550 | Rs.390 | HbA1c | Rs.590 | Rs.390 |
| VIT. B12 | Rs.1150 | Rs.690 | BL.SUGAR | Rs.70 | Rs.50 |

SINCE 1963

NEAR RLY. STATION @Dr.JAYANT MANDOT Pathology Lab

Address: 102, Jai Laxminarayan Bldg., Opp.Prashant Hotel, L.T. Road, Mulund (East)


Home Visit Available in Mulund

Note : Special Discount on other Blood Test Also

022-2163 7380, 022-2163 4353, 87792 00271

Click For Here

# મારા ડાયરીના થોડા પાનાં : વિચારમાંથી અંકુર ફૂંટ્યા




જુગાર એ નશો છે. એનો કોઈ નકશો હોતા નથી. અર્ધસત્યને મહત્વ આપનાર એમ પણ કહે છે તે જીંદગી એ કશું નથી પણ જુગાર છે. જુગાર વૃત્તિ જ્યારે જોર કરે ત્યારે વિવેક સરી જાય છે. પત્તાનો જુગાર રમનાર ભાઈના હાથમાં પત્તા હોય છે. એકંદર પત્તાની બાજુ આપણી પોતાની પાસે હોય છે. જ્યારે થોડા જુગારીની વાત વેગળી છે. જેમાં લગામ બીજાના હાથમાં હોય છે. જેમાં ડાયો જુગારી આ વિરોધભાસ શબ્દોનું અર્થઘટન આ રીતે કરે છે. યોગ્ય સમયે બાજી ખંખેરીને ઉડી જતા માણસને આવડવું જોઈએ, આવડવું જોઈએ એ કેવળ ભાવના થઈ જે કોઈપણ પ્રકારના યુધ્ધમાં સ્થિર રહે એ યુધિષ્ઠિર તેઓ પણ જુગારમાં વિવેક ભ્રષ્ટ થયાં હતા અને પાંચાલી (દ્રોપદી) હોડમાં મૂકી હતી અને એમાંથી મહાભારત સર્જાયું.

માણસ વિવેક ભ્રષ્ટ થાય પછી પવિત્ર અને અપવિત્ર કેવળ જોડણી કોષના શબ્દો રહે છે. ઈશ્વર જેવો અવ્વલ નંબરનો જુગારી કોઈ નથી એ માણસને ગંજીપાની જેમ ચીપે છે. એકો, બાદશાહ, રાણી છેવટે તો ગુલામ છે. હુકમના પત્તા ઈશ્વરના હાથમાં છે. કોને હરાવવા કોને હુંફાવવા એ બધું એના હાથમાં છે. આપણે તો કેવળ એની બાજીના પત્તા.

જુગાર વૃત્તિથી મહાભારતનું સર્જન થયું. આ મહાભારતમાં અર્જુન અને કૃષ્ણ વચ્ચે સંવાદ મારફતે ગીતાનું સર્જન થયું. ભરતની માતાજી કૈકયી એની સ્વાર્થી નીતિને કારણ કે રામાયણનું સર્જન થયું. ભારતમાંની પણ સારી દુનિયામાં આ બન્ને આ પુસ્તકો પ્રસિદ્ધ છે. જર્મન ફીલોસોફર નિત્શે જ્યારે વેદ અને મહાભારત વાંચવ્યું તે વખતે ગીતાને માથે રાખીને નૃત્ય કરયું હતું.

એક મોટી ઉંમરના વૃધ્ધ જ્યારે તેમનો દીકરો તરૂણ વરસ અવસ્થામાં અવસાન પામે છે. ત્યારે તેમની ભાવના અને તેના દીકરા પ્રત્યે લાગણી અને અંદર અંદર રડવાનું એ દુ:ખને માપવાની થરમોમીટર ઓછી પડે તે સમયે ઈશ્વર એમને મદદરૂપ થાય. તેમના દુ:ખ પ્રભુ સમજી શકે તેમને મદદરૂપ થાય. તેમના દુ:ખ ઝીલવાનું શક્તિ કરે અને તેમના મનને મજબૂત કરે છે.

હું કોઈ પણ માણસ પ્રત્યે ઉદાસીન રહી શકું છું. પરંતુ એને ધિક્કારવાનું ગજુ મારામાં નથી. માણસ પોતાના સ્વાર્થ માટે બીજા પ્રત્યે પ્રથમ રોષ ઉત્પન્ન કરે છે અને પછી તેના પ્રત્યે અણગમો પેદા કરે છે. અણગમાની શરૂઆત એ ધિક્કારવાનું જન્મ સ્થળ છે. ઘણાં વ્યક્તિઓમાં સૂઝબૂઝ હોય છે તે વ્યક્તિ સરળતાથી પોતાની વાત માંડીને બીજાને કહી શકે છે.

શું આપે કદી વરસાદના પાણીના ટીપાનું અવલોકન કર્યું છે? વરસાદના પાણીમાં એક ટીપામાં સમગ્ર વરસાદ નહી. સમગ્ર નદી નહી. સમસ્ત સાગર સમાયેલો છે. વરસાદનું એ જ ટીપું નદી બનાવે છે. ખીણ બનાવે છે. પહાડોને કોતરીને વિશાળ કોતરો બનાવે છે. એ જ રીતે પાણીના ધોધનું સર્જન કરે છે. એ જ રીતે શું મારુ મન, પ્રેમ, ધર્મ ઈશ્વરને એક પૃથક વસ્તુ તરીકે ન જોતા. એક વિશ્લેષણાત્મક પરીક્ષણ એક ખંડીત રૂપમાં ન જોતા એક ગતિ રૂપે જોઈ શકે?

પરધર્મી માણસો મારવા, બાળવા, તેમની સંપત્તિ લૂંટી લેવી નારી પર બળાત્કાર કરી એના મારફત સંતાન પેદા કરવા, આવી વૃત્તિને કોઈપણ ધર્મ પરવાનગી નથી આપતો. ધર્મ કેવો હોવા જોઈએ એ વિષય પર થોડા ધર્મગુરૂઓ છોડીને બાકીના ધર્મગુરૂઓ લોકોની ભાવના સ્વિકારી કરી એના વિષય શબ્દ પણ બોલતા નથી. વર્તમાનકાળમાં મધ્ય એશિયા ખાસ કરીને આરબ રાષ્ટ્રો આંતરવિગ્રહમાંથી બહાર નીકળવાનો પ્રયત્નો કરે છે. મારવા, બાળવા, બળાત્કાર આ બીના એમના રોજીંદા જીવનમાં જોવા મળે છે. આ તેમની પરંપરા બની ગઈ છે.

કોઈપણ માણસ જ્યારે સત્ય કહેવા માટે પ્રયત્ન કરે છે. આ માણસ પરંપરાનું અપમાન નથી કરતો. તે પરંપરામાં શુધ્ધિકરણ પ્રયાસ કરે છે. આ જગતમાં એવા માણસો સોક્રેટિસ સ્વરૂપે આવે છે. ક્યારે બુધ્ધ અને મહાવીર, ક્યારે જ્ઞાનદેવ, તુકારામ, નાનક, સંત કબીર, મહાત્મા જ્યોતિબા ફૂલે કદી કોપર્નિકસ કહી ગાંધીજી સ્વરૂપે આવે છે.

આપણે વિચાર રહ્યા છીએ ભયનું એક કારણ સત્તા પણ છે. તમે કદી વિચાયું છે કે તમારે માથે કોઈ સત્તા ન હોય તો આપનો વર્તાવ કેવો હોય? સામાજીક સત્તા, પુસ્તકોની સત્તા, ગુરૂઓની સત્તા, રાજ્યની સત્તા, આપણામાંથી મોહની સત્તા કદાચ જો કોઈપણ સત્તા ન હોય તો શું તમે ભયભીત હશો? ભયભીત વગર માણસ નીડર છે. એને એકલાપણું કંટાળો નહી આવે. નેલ્સન મંડેલા ૨૦ વરસ અંધારી કોટડીમાં પુરવામાં આવેલ હતાં. તે એકાંતવાસમાં પણ ભયભીત ન થયાં. ડૉ.રામમનોહર લોહિયા ગોવા આઝાદી માટે જેલમાં એકાંતવાસ રાખવા આવેલ હતા. તેઓ એકાંતવાસમાં નિર્ભય થઈ રહેવાના હતાં.

## હરીશ ખોંભડીયા પ્રસ્તુત ઈર્શાદ ગઝલ કોર્નર...

**પરબ : ૧૦ જુલાઈ, ૨૦૨૪**

જરા અમથી ઉદાસીને સદંતર સાચવું ક્યાંથી?
તેં આપેલી પ્રસાદીને સદંતર સાચવું ક્યાંથી?
નથી હું એટલો સક્ષમ, દિવસને ઊગતા રોકું.
ખીલેલી રાતરાણીને સદંતર સાચવું ક્યાંથી?
અસરમાં ક્યાં સુધી રહેશે? મળેલું એક મોહક સ્મિત
બરફ પરની નિશાનીને સદંતર સાચવું ક્યાંથી?
ધરેલી સ્થિરતા ક્યારેક કંટાળાજનક લાગે
લગાવેલી પલાંઠીને સદંતર સાચવું ક્યાંથી?
તમાચાની કે તડકાની અસર લાંબી નથી રહેતી
આ ચહેરા પરની લાલીને સદંતર સાચવું ક્યાંથી?
કૂદું-નાચું વધારે તો ઉંમરનો થાક લાગે છે
હવે મારા મદારીને સદંતર સાચવું ક્યાંથી?
છે આદર તો પ્રગટ થઈને જ રહેશે ક્યાંક ને ક્યારેક,
દબાવેલી સલામીને સદંતર સાચવું ક્યાંથી?
છું એવું વ્હાણ જેની દુશ્મની દરિયાની સાથે છે,
હલેસાંને-ખલાસીને સદંતર સાચવું ક્યાંથી?
મને બે આંખના ઉપયોગની પરવાનગી આપો
હથેળીમાં હું પાણીને સદંતર સાચવું ક્યાંથી?



**ભાવિન ગોપાણી**

સંકલન :હરીશ ખોંભડીયા





Click For Here

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## મોહના જોશી

**૧૯૬૩ - ૨૦૨૪**

Founder of SYMFONYS
Karaoke Musical Group,
Mulund
2014 - 2024

**"आंखों में आज भी नमी सी है,**
**आज फिर आपकी कमी सी है**

**वक़्त रहता नहीं कहीं टिक कर,**
**उसकी आदत भी कुछ आदमी सी है"**

એ તો તય છે કે થાતું તો એજ હશે જે ભગવાન ને ગમતું હશે... પણ.. "મોહના ".
આમ તે અચાનક કોઈ જાતું હશે??

પરિવાર ને મઝધારે મુકીને અમારા ગુરૂ માં ની અચાનક વિદાય સંપૂર્ણ સિંફની પરિવાર માટે અસહ્ય છે.
ભગવાન સદ્ગતગ નાં આત્મા ને પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના.

તમારા સંગીતમય સ્વરો ને સદૈવ અમારા દિલ માં કંડારીને તમારા કાર્યો ને તન ને મન થી પૂરા કરવાના શપથ લઇએ છીએ.

**પતિ : અજય જોશી**
**ભાઈ : હરીશ ખોંભડીયા ભાભી : મીના ખોંભડીયા**
**તથા સંપૂર્ણ " સિંફની " પરિવાર નાં સદસ્યો.**

Click For Here



# મુલુંડના મેરેથોન એવેન્યુ પાસે ફેરિયાઓએ રાતોરાત બનાવી ગેરકાયદે શાકમાર્કેટ!



મુલુંડ (વેસ્ટ)માં એલબીએસ રોડ પર આવેલી મેરેથોન એવેન્યુના રહેવાસીઓના આશ્ચર્ય વચ્ચે બિલ્ડીંગ પાસે ફેરિયાઓએ લાઈનબંધ ગેરકાયદે શાકભાજીના સ્ટોલ ઊભા કરીને મિનિ શાકમાર્કેટ બનાવી દીધી છે. સ્થાનિક જનતા ટી વોર્ડના સંબંધિત અધિકારીઓને રસ્તા પરનું આ અતિક્રમણ હટાવવા માંગ કરી રહી છે.

# અર્હમ યુવા સેવા ગ્રુપ, મુલુંડ દ્વારા મેન્ટલ હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ



રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ જેન નેક્સ્ટ, મુલુંડ દ્વારા રવિવાર, તા.૨૮ જુલાઈ, ૨૦૨૪ના રોજ થાણે સ્થિત વિદ્યાભવન આશ્રમમાં મેન્ટલ હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ (માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ આણવાનો કાર્યક્રમ) આયોજિત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમનો પ્રાથમિક ઉદ્દેશ્ય ત્યાંના બાળકોને માનસિક સ્વાસ્થ્ય વિશે શિક્ષિત કરવાનો અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ જેવી કે માનસિક તણાવ (સ્ટ્રેસ), હતાશા (ડિપ્રેશન), ચિંતા (એન્ઝાઈટી) વગેરેના મેનેજમેન્ટ માટે વ્યવહારુ ઉપાય પૂરા પાડવાનો હતો. અર્હમાઈટ્સની મદદથી, બાળકો માટે ઘણી બધી મનોરંજક પ્રવૃત્તિઓ, ઊંડા શ્વાસ લેવાની કસરતો, માઇન્ડફુલનેસ મેડિટેશન પર એક ઇન્ટરેક્ટિવ વર્કશોપ હાથ ધરવામાં આવી હતી.

સકારાત્મક સેલ્ફ ટોક, સેલ્ફ કોન્ફિડન્સ, સેલ્ફ લવ, ઈમોશનલ ઈન્ટેલિજન્સ, માનસિક સુખાકારી અને એકંદર આરોગ્ય પર માનસિક સ્વાસ્થ્યની અસર વિશે બાળકોને સમજણ આપવા માટે અર્હમાઈટ્સ અને વિદ્યાર્થીઓ વચ્ચે એક માહિતીપ્રદ સત્ર યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સહભાગી થનાર ૪૦થી પણ વધુ બાળકોને ભોજન અને કેટલીક મીઠાઈઓ આપવામાં આવી હતી. તેઓએ અર્હમાઈટ્સ સાથે સમય વિતાવ્યો અને સકારાત્મક રહેવા માટે મનોરંજક રમતો રમી અને ઘણું જ્ઞાન મેળવ્યું. આ ઉપરાંત આ કાર્યક્રમમાં બાળકોએ ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરી હતી અને નવા મિત્રો બનાવ્યા હતા.


Bake Live Studio

MULTIGRAIN BREADS

BREADS ARE NON-NEGOTIABLE,
MAKE HEALTHIER CHOICES WITH US!

- More Healthier
- Rich in Fibre & Protein
- No Maida
- Low in Sugar & Fat
- Clean Label
- 100% Multigrain Breads



Images Used Are For Representation Purposes Only

ENJOY FRESH, WARM BREAD DELIVERED
EVERY DAY FROM 8AM TO 11PM

Order Now!

Available on pre-order*

Scan here to view our bread range!

*T&Cs Apply.

Girgaon Chowpatty- 08591306565 Colaba - 9029343535 Mulund- 08591407575





શ્રી સમર્થ સ્વામી સામાજિક સંસ્થા, મુલુંડ
(રજિ.નં.૫૯૯/૨૦૧૯)
આયોજિત
સામૂહિક ભાગવત સપ્તાહ કથા મહોત્સવ
કથા પ્રારંભ : ૩-૧૧-૨૦૨૪ થી ૯-૧૧-૨૦૨૪
કથા સમય : બપોરે ૩.૩૦ થી સાંજે ૭.૦૦

પ્રમુખ વકતા



શ્રી.પ.પૂ.આશિષભાઈ વ્યાસ

મુખ્ય યજમાન
શ્રીમતી કમલતાઈ પરશુરામ મિરેકર
શ્રીમતી વનીતા પુનેશ્વર મેશ્રામ (સહયજમાન)
એક શુભેચ્છક

શુભેચ્છક
શ્રી રાજેશભાઈ જમનાદાસ અનમ - શ્રી નાનજીભાઈ ખિમજી ઠક્કર
શ્રી ગીરીશભાઈ કોઠારી - શ્રીમતી માયાબેન કોઠારી
શ્રી વિજયભાઈ કોઠારી - શ્રી રાહુલભાઈ જોષી
શ્રી મેઘજીભાઈ ગોપાલજી મંગે - શ્રી નારાયણ સેવા મંડળ (મુલુંડ)
શ્રીમતી નિતાબેન સોલંકી - શ્રીમતી લતાબેન ચંદે
શ્રી બાલરાજેશ્વર ભક્ત મંડળ

મુખ્ય આચાર્ય



શ્રી દિપક ખરાશંકર પંડ્યા

આયોજક - શ્રી સંજયભાઈ માળી - 9322848587
કથા પાવન સ્થળ
દયાનંદ વૈદિક વિદ્યાલય ગ્રાઉન્ડ, ચંદનબાગ રોડ, મુલુંડ(વેસ્ટ), મુંબઈ - ૮૦.

પોથી બુકિંગ ચાલુ છે


Click For Here


# મુલુંડમાં અનેક વિસ્તારોના રસ્તા પર ખાડાઓની લીધે થતી હાલાકી


અગ્રવાલ હોસ્પિટલ


મુલુંડ ઈસ્ટ નવઘર


વર્ધમાન નગર


મુલુંડ ઈસ્ટ નવઘર


ઐરોલી ફલાયઓવર



ઐરોલી ફલાયઓવર

સુધરાઈ ગમે તેટલાં બણગાં ફૂંકે ખાડાઓની ફરિયાદ મોબાઈલ એપ પર નોંધવાની જાહેરાત કરે અને આ સમસ્યાનો ઉકેલ તાત્કાલિક થશેની હૈયાધારણા આપે તો પણ લોકોને સંતોષકારક પરિણામ મળતું નથી. એ પરિસ્થિતિ મુલુંડ એલ.બી.એસ. રોડ પર છેડા પેટ્રોલ પંપ પાસે, ઐરોલી બ્રીજ પાસે, નવઘર રોડ, મુલુંડ ઈસ્ટમાં વર્ધમાન નગર પાસે આર.પી.રોડ તથા અગ્રવાલ હોસ્પિટલ પાસેના રસ્તાઓની તસવીરો જોઈને લોકોની પરેશાનીનો અંદાજ મળી જાય છે.

# ઈન્ટીગ્રેટેડ કમલ બિલ્ડીંગની બહારના રસ્તાની અતિશય બિસ્માર હાલત



મુલુંડની ઈન્ટીગ્રેટેડ કમલ બિલ્ડીંગની બહારનો રસ્તો અતિશય બિસ્માર હાલતમાં છે. અહીંના રહેવાસીએ ટવીટર પર આ અંગે ફરિયાદ કરી ત્યારે તેને આ રસ્તાનું સમારકામ કરવામાં આવશે એવી ખાત્રી આપવામાં આવી હતી તે છતાં હજી સુધી આ રસ્તાની હાલત ખૂબ ખરાબ છે. રાહદારીઓ અને વાહનચાલકોને તેનો ઉપયોગ કરવામાં ખૂબ મુશ્કેલી પડે છે. સ્થાનિક જનતા આ રસ્તાનું સમારકામ ત્વરિત કરવા માંગ કરી રહી છે.







Click For Here

# હાયપરટેન્સીવ રેટીનોપથી

***હાયપરટેન્સીવ રેટીનોપથી શું છે?***

હાઈપરટેન્સિવ રેટિનોપેથી એ આંખની એવી સ્થિતિ છે જેમાં હાઈ બ્લડપ્રેશર તમારી આંખના પાછળના ભાગમાં આવેલી પેશીઓ(રેટિના)ના સ્તરને નુકસાન પહોંચાડે છે. હાઈ બ્લડપ્રેશરમાં લોહી તમારી ધમનીની દિવાલો સામે સામાન્ય કરતાં વધુ બળથી ધકેલાઈ રહ્યું હોય છે. સમય જતાં, આ દબાણ ધમનીઓને નુકસાન પહોંચાડી શકે છે અને શરીરના વિવિધ ભાગોમાં રક્ત પ્રવાહમાં અવરોધ ઊભો કરી શકે છે.

હાયપરટેન્સિવ રેટિનોપેથીમાં, હાઈ બ્લડ પ્રેશર તમારા રેટિનામાં સામાન્ય રક્ત પ્રવાહને અવરોધે છે. તમારા રેટિનાને દિવસભર તેનું કામ કરવા માટે પૂરતા પ્રમાણમાં લોહીની જરૂર હોય છે. તે એક અગત્યનું કાર્ય છેઃ તમારી રેટિના આંખમાં પ્રવેશતા પ્રકાશના કિરણોને તમે જોઈ શકો છો તેવા દૃશ્યોમાં પરિવર્તિત કરવામાં મદદ કરે છે. સારી દ્રષ્ટિ માટે તમારે સ્વસ્થ રેટિનાની જરૂર છે. યોગ્ય રક્ત પ્રવાહનો અભાવ તમારા રેટિનાના ભાગોને નુકસાન પહોંચાડે છે અને સંભવતઃ દ્રષ્ટિની ઓછપ અને અન્ય ગૂંચવણો (કોમ્પ્લિકેશન્સ) તરફ દોરી જાય છે.

***હાયપરટેન્સીવ રેટીનોપથીના લક્ષણો શું છે?***

મોટા ભાગના લોકોમાં હાયપરટેન્સીવ રેટીનોપથીના કોઈ લક્ષણો હોતા નથી. ગંભીર કિસ્સાઓમાં, તમને લાગે છે કે તમારી આસપાસની વસ્તુઓને તમે પહેલાની જેમ સ્પષ્ટ રીતે જોઈ શકતા નથી (દ્રષ્ટિમાં ઓછપ).

***હાયપરટેન્સીવ રેટીનોપથી શેને કારણે થાય છે?***

હાઈ બ્લડ પ્રેશર જો લાંબા સમય સુધી ચાલુ રહે તો તે હાયપરટેન્સિવ રેટિનોપેથીનું કારણ બને છે. તમારી રેટિનાની રક્તવાહિનીઓમાં દબાણ વધવાથી તે રક્તવાહિનીઓ સામાન્ય કરતાં વધુ લાંબા સમય સુધી કડક થઈ જાય છે (વાસોસ્પઝમ). આ અસાધારણ કડક થવું રક્તવાહિનીઓના ઓપનિંગ (લ્યુમેન)ને સાંકડું કરે છે અને તમારા રેટિનામાં આવતા લોહીના પ્રવાહને મર્યાદિત કરે છે. રક્તવાહિની તેની સમગ્ર લંબાઈમાં સાંકડી થઈ શકે છે અથવાતે માત્ર એક બિંદુ પર સાંકડી થઈ શકે છે (જેમ કે બે આંગળીઓ વચ્ચે સ્ટ્રોની મધ્યમાં ચપટી કરવી).

સમય જતાં, તમારી રેટીનાની અંદર આવેલી રક્તવાહિનીઓ કડક અને જાડી




થઇ જાય છે જેને લીધે રેટીના તરફ આવતો લોહીનો પ્રવાહ અવરોધાય છે. જો હાઈ બ્લડ પ્રેશર ચાલુ રહે તો તે તમારી રક્તવાહિનીઓને નુકસાન કરે છે જે દષ્ટિમાં ઓછપ કે અંધત્વ જેવા કોમ્પ્લિકેશન્સ તરફ દોરી જાય છે.

***હાયપરટેન્સિવ રેટિનોપેથી માટે જોખમના પરિબળો કયા છે?***

હાયપરટેન્સિવ રેટિનોપેથી માટે જોખમનાપરિબળોમાં સૌથી વધુ મહત્વનું છે લોહીનું ઊંચું દબાણ કે હાઈ બ્લડ પ્રેશર. જોખમના અન્ય પરિબળો આ પ્રમાણે છેઃ

- કેરોટીડ ધમની રોગ (જે તમારી ગરદનની મુખ્ય ધમનીઓને અસર કરે છે) સહિત કાર્ડિયોવેસ્ક્યુલર રોગનો ઇતિહાસ
- ધુમ્રપાન અને તંબાકુનું સેવન
- લોહીમાં કોલેસ્ટેરોલનું ઊંચું પ્રમાણ
- મેદસ્વીપણું (શરીર પર ખૂબ ચરબી હોવી)
- લોહીમાં સુગરનું ઊંચું પ્રમાણ (પ્રિડાયાબિટીસ કે હાયપરગ્લાયસેમિઆ)
- કિડની જેને બહાર ફેંકવાનું કામ કરે છે તેવા પદાર્થોનું લોહીમાં ઊંચું પ્રમાણ (હાઈ ક્રિએટીનિન)
- પેશાબમાં આલ્બ્યુમિન (એક જાતના પ્રોટીન)નું સુક્ષ્મ પ્રમાણ

***હાયપરટેન્સિવ રેટિનોપેથીને કારણે શું કોમ્પ્લિકેશન્સ થઈ શકે?***

જો સમયસર સારવાર કરવામાં ન આવે તો હાયપરટેન્સિવ રેટિનોપેથીથી નીચેના કોમ્પ્લિકેશન્સ થઇ શકેઃ

- ધીરે ધીરે દષ્ટિમાં વધુ ને વધુ ઓછપ આવતી જાય જે સંપૂર્ણ અંધત્વ તરફ પણ દોરી જઈ શકે
- રેટીનામાં સોજો (મેક્યુલર એડીમા)
- રેટીના અને દષ્ટિના જ્ઞાનતંતુ (ઓપ્ટિક નર્વ)માં લોહીનો પ્રવાહ ઓછો થાય
- રેટીના તેને સપોર્ટ કરતા સ્નાયુઓથી છૂટી પડી જાય (રેટીનલ ડીટેચમેન્ટ)
- હાયપરટેન્સીવ રેટીનોપથીનું કારણ (એટલે કે હાઈ બ્લડ પ્રેશર)ને કારણે આંખની અન્ય સમસ્યાઓ થવાનું જોખમ પણ વધી જાય છે, જે આ પ્રમાણે છેઃ
- રેટીનાને લોહી સપ્લાય કરતી ધમનીમાં અવરોધ (રેટીનલ આર્ટરી ઓક્લુઝન)
- રેટીનામાંથી અશુદ્ધ લોહી લઇ જતી રક્તવાહિનીમાં અવરોધ (રેટીનલ વેઇન ઓક્લુઝન)
- ડાયાબિટીસ-સંબંધિત રેટીનોપથી વધારે બગડે

***હાયપરટેન્સીવ રેટીનોપથીનું નિદાન કેવી રીતે થાય છે?***

આંખના નિષ્ણાત ડોક્ટર્સ હાયપરટેન્સીવ રેટીનોપથીનું નિદાન આ પ્રમાણે કરે છેઃ

- હાઈ બ્લડ પ્રેશરના ઇતિહાસ સહિત તમારા તબીબી ઇતિહાસ વિશે માહિતી મેળવીને
- તમારી આંખની સંભાળપૂર્વક સંપૂર્ણ તપાસણી કરીને
- તમારી રેટીનાની ઓપ્ટિકલ કોહેરેન્સ ટોમોગ્રાફી અને રેટીનાની તસ્વીરો લેવા (ઇમેજિંગ)ના અન્ય સ્વરૂપો દ્વારા તસ્વીરો લઈને

હાયપરટેન્સીવ રેટીનોપથીને નિયંત્રિત રાખવા તમારી જીવનશૈલીમાં આ પ્રમાણે પરિવર્તન કરવું જોઈએઃ

- તમારા સ્વાસ્થ્યને અનુરૂપ તમારું યોગ્ય વજન જાળવવું
- તમારા હૃદય માટે તંદુરસ્ત હોય એવા આહારને અનુસરવું, આહારમાં મીઠું (સોલ્ટ) ઓછું કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવું
- નિયમિતપણે વ્યાયામ કરવો (અઠવાડિયે ઓછામાં ઓછી ૧૫૦ મિનિટની મધ્યમ-તીવ્રતાની વોકિંગ કે અન્ય પ્રવૃત્તિ કરવી
- આલ્કોહોલ ધરાવતા પીણાંનું સેવન મર્યાદિત પ્રમાણમાં કરવું


કચ્છ યુવક સંઘ મુલુંડ શાખા
એન્કરવાલા રક્તદાન અભિયાન
SBTC
૪૮મી મેગા રક્તદાન શિબિર
તારીખ : રવિવાર
04th August 2024
સમય : સવારે ૯.૦૦ થી સાંજે ૬.૦૦
Venue :
Maharashtra Seva Sangh,
1st Floor, J.N.Road,
Above Apna Bazar,
Mulund (West), Mumbai - 400 080
-: સહયોગી દાતા :-
હેમચંદ મુરજી ગડા (નાના રતાડીયા)
-: શુભ સ્થળના પ્રદાતા -:
મહારાષ્ટ્ર સેવા સંઘ & મુલુન્ડ સેવા સંઘ
સહયોગી સંસ્થા
ભારત વિકાસ પરિષદ- મુલુંડ
મુલુન્ડ અચલગચ્છ જૈન સંઘ
ભાનુ યુથ સર્કલ - મુંબઈ
વીર જસરાજ દાદા મંડળ-મુલુંડ,મુંબઈ
શ્રી કચ્છી વિશા ઓસવાલ સમાજ
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ - મુલુંડ
શ્રી હાલારી વિશા ઓશવાલ સેવા સમાજ - મુલુંડ
શ્રી મુલુન્ડ બ્રમ્હક્ષત્રિય સમાજ
અલ્પેશ સાવલા (સંયોજક) | લય મારુ (સહસંયોજક)
રક્તદાન કન્વીનરો
આનંદ પવાણી (કન્વીનર) 9821297732 | અમિત દોશી (સહકન્વીનર) 9892022343
ઓર્ગન કન્વીનરો
શીતલ ગાલા (કન્વીનર) હાર્દિક ઠક્કર (સહકન્વીનર) સોનલ હરિયા (સહકન્વીનર)
Free Check Up
CBC & Creatinine
Timing :10Am to 5Pm
લિ. પ્રમુખ : શ્રી રાહુલ ચંદ્રકાન્ત દેઢિયા (પુનડી) મેને.ટ્રસ્ટી : હેમંત રવજી કારાણી (હાલાપુર)
મેડિકલ કન્વીનર : શ્રી ભરત ગાંગજી ગોગરી (છસરા)


## અસલામતી અને બેજવાબદારીની પરાકાષ્ઠા



મુલુંડ પરિસરના સોનાપુર વિસ્તારની તસ્વીરમાં ફૂટપાથ એક પર ફેરિયો રસ્તા પરના ગ્રીન પોલ અને ઈલેક્ટ્રીકલ પેનલ બોક્સથી માંડ પાંચથી દસ ઇંચ દૂર ગેસ પર ફૂડ રંધાઈ રહ્યું છે. અહીં મોટી આગ લાગવાની પૂરી શક્યતા છે. હવે તો હાઈકોર્ટે પણ ફૂટપાથ પરથી ફેરિયાઓને હટાવવાનો આદેશ આપ્યો છે છતાં આ ફેરિયો અસલામતી અને બેજવાબદારીની પરાકાષ્ઠા સમાન કૂકિંગ કરી રહ્યો છે. લાગતા વળગતા સંબંધિત અધિકારીઓ ક્યારે જાગશે?



## મુલુંડ (ઈ) જી.વી.સ્કિમ રોડ નં.૪ પર ૬ મહિનાથી સ્ટ્રીટ લાઈટ નથી

મુલુંડ (ઈ) જી.વી.સ્કિમ રોડ નં.૪ પર ૬ મહિનાથી સ્ટ્રીટ લાઈટના અભાવે સૂર્યાસ્ત પછી તદ્દન અંધારૂં છવાઈ જાય છે, જેને લીધે ખાસ કરીને મહિલાઓ માટે રાત્રે આ રસ્તા પરથી પસાર થવું અસલામતીભર્યું બની ગયું છે.

શું સત્તાવાળાઓ અહીં સ્ટ્રીટ લાઈટ લગાવવા માટે કોઈ ગંભીર ઘટના કે મોટો અકસ્માત થવાની રાહ જોઈ રહ્યો છે?

Click For Here



**સંગિની સૌરભ**
**સંકલન - હિના પારેખ**
**મો.૯૯૬૭૪૫૯૫૧૫**



– બીના કીર્તિ શાહ

# જૈન આચારો કયા કયા ગૃહસ્થ ધર્મ (ભાગ-૧)

ચોમાસુ આવી રહ્યું છે આપ ધ્યાન ધર્મની લહાણી છે આ ચોમાસુ, જો આપણાથી આકરા તપની શારીરિક ક્ષમતા હા નથી પડતી ત્યારે આ અલભ્ય જૈન શાસન તમને નાના નાના અનેક સરળ રસ્તાઓ ધર્મના બતાવી આપણા મનુષ્ય ભવને સાર્થક કરી શકે છે

આત્માની તાકાતને પ્રગટાવતું, આત્મ વિશુદ્ધિનો શણગાર સજાવતું, પાપના ગોડાઉનને સત પુણ્યના પર્વતને ઉત્પન્ન, કરનાર જો કોઈ હોય તો એ પૂર્વની સુકૃત કમાણી છે.

જયણાં જીવનને અજવાળનારા સદ્દગુણોની પેટીને ભરવાની છે અને એ સદ્દગુણોની મુડ થ્રો શ્રાવક બને છે. અને એને સાચો શ્રાવક બનવા માટે શ્રાવકાચારનું નીતિ નિયમ = મ તે વિચારને વર્તનમાં લાવે અને પ્રવૃતિને ખરા હૃદય પૂર્વક તે આચારમાં અમલીકરણ તરીકે દીપી ઉઠે છે. ખીલી ઉઠે છે.

–નદવમાં પેદા થાય છે. પાણીથી વધે છે છતાં બંને થી અલગ રહે છે એ રીતે શ્રાવક કરતાં બંનેથી અલિપ્ત રહે છે. ટૂંકમાં શ્રાવક એટલે કમળ. શ્રાવકકુળમાં જન્મ લેવા મ ૭. કદાચ વ્યવહાર ભાષામાં શ્રાવક કહીએ તો તે દ્રવ્ય શ્રાવક કહેવાય. પણ ભાવ ક

અટલ નિયમો અને કર્તવ્યો અંગીકાર કરવા જોઈશે. ચમો ધર્મ પ્રમાણે જ્ઞાન ઓછું હોય તે ચાલે પણ જીવનમાં આચારધર્મ તો આવવો જ = ધર્મનું આચરણ કરીને પોતાનું કાર્ય સિદ્ધ કરે છે જ્યારે અલ્પ સત્વવાળા જીવો દેશ ચરણ કરે છે.

ઈતિ ગૃહસ્થ, અર્થાત ઘરમાં રહીને યત્કિંચિત્ પણ મોક્ષમાર્ગની આરાધના કરે તે ગૃહ વાત્મને સમ્યગ્ પ્રકારે જાણીને સમજીને વિશુદ્ધિ મેળવવા માટે ગૃહસ્થ ધર્મના વ્રત, આદર કરવો. સમ્યગ જ્ઞાન થયા પછી જ સમ્યગ્ ચારિત્રની શરૂઆત થાય છે. નમાં અહિંસા, સત્ય, મૈત્રી, બ્રહ્મચર્ય, અચૌર્ય, અપરિગ્રહ, અનેકાંતવાદ, સ્યાદ્વાદ વનારો વિશ્વનો એક માત્ર મહામૂલો ધર્મ છે. જૈનોના આચરણ અને ઉપદેશોમાં પ્રગટતાં જ સિમિત નથી પરંતુ સમગ્ર વિશ્વ દૃષ્ટિના પારસ્પરિક સહાયતા અને આધારની આધુનિક પર્યાવરણ વિજ્ઞાને જ માર્ગ અને નિયમો વર્તમાનમાં જણાવેલા છે તે આપણ પરંપરાથી ચાલતો આવેલો હિતકારી માર્ગ છે. જેનું આચરણ સર્વ લોકો સર્વત્ર કર ને વિશ્વકલ્યાણ થયા વગર ન રહે.

ધર્મના શ્રાવક શ્રાવિકા તરીકે આપણા પૂર્વજોના સંસ્કારને કારણે અને ગુરૂભગવંત અને પાળતાં હોઈએ છીએ તેમાંના કોઈ કોઈ કર્તવ્યો આપણાથી ચૂકાઈ ન જવાય તેમ અને કર્તવ્યોનું અવશ્ય પાલન કરવું જોઈએ.

નીચે આપેલા આચારો પણ આપણામાં સુશ્રાવક પણુ પ્રગટાવી શકે

**આચારો અને કર્તવ્યો**

૧) સૂર્યોદય પહેલા ઊઠવું અને બાર નવકાર ગણવા.
૨) જિન મંદિરે જવું અને પરમાત્માની સેવા પૂજા અને સ્તુતિ કરવી.
૩) ગુરૂવંદન અને વૈયાવચ્ચ ભક્તિ કરવી.
૪) પશુપંખીને આહાર આપવો અને જીવદયા પાળવી.
૫) અભયદાન અને સુપાત્રદાન કરવું.
૬) માતા પિતા વડીલોને પ્રણામ કરવા, ન હોય તો ફોટાને પ્રણામ કરવા.
૭) પોતાની આજીવિકા પ્રામાણિકતાથી કરવી.
૮) આહારશુદ્ધિ પૂર્વક ભોજન કરવું.
૯) વ્યસન મુક્તિ અને દોષ મુક્તિ કરવી.
૧૦) રાત્રી ભોજનનો ત્યાગ અને અયોગ્ય ભોજનનો ત્યાગ કરવો.
૧૧) અતિથિ સત્કાર કરવો અને પ્રેમાળ વ્યવહાર રાખવો.
૧૨) શાસ્ત્રનું શ્રવણ, પ્રવચન શ્રવણ અથવા સત્સંગ કરવો.
૧૩) નિંદાનો ત્યાગ કરવો તથા બીજાની ટીકા-ટીપ્પણી ન કરવી.
૧૪) શ્રાવકના બાર અણુવ્રતોમાંથી શક્ય તેટલાં બે પાંચ પણ નિયમો ગ્રહણ કરવા.
૧૫) પરોપકાર અને પરમાર્થના માર્ગે રોજ અવશ્ય નાનું મોટું કામ કરવું.

નોંધઃ- ઉપરના નિયમો શ્રાદ્ધ વિધિ પ્રકરણ, ધર્મબિંદુ પ્રકરણ વગેરે તેમાંથી સરળ ભાષામાં અહિં તારવ્યા છે જેમાંથી એક પણ નિયમ કુદરત હંમેશા સહાય કરવા તત્પર બને છે.

# ઘાટકોપરમાં ૧૩૬ નિરંકારી ભક્તોએ ઉત્સાહપૂર્વક કર્યું રક્તદાન



સદ્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજની શીખને અપનાવી સંત નિરંકારી સત્સંગ ભવન, પોદાર કમ્પાઉન્ડ, સાઈનાથ નગર રોડ, બાબુ ગેનુ મેદાન ની સામે ગોલીબાર, ઘાટકોપર (વેસ્ટ) ખાતે આયોજિત શિબિર મા ૧૩૬ નિરંકારી ભક્તોએ ભારે ઉત્સાહ સાથે રક્તદાન કર્યું.

સંત નિરંકારી મિશનની સામાજિક શાખા સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના નેજા હેઠળ ૨૮ જુલાઈ, રવિવારના રોજ આયોજિત આ રક્તદાન શિબિરમાં સંત નિરંકારી રક્તપેઢી, વિલે પાર્લે દ્વારા રક્ત એકત્ર કરવામાં આવ્યું.

સ્થાનિક ધારાસભ્ય રામ કદમ એ આ શિબિરની સૌજન્ય મુલાકાત લીધી હતી અને સ્વયં પણ રક્તદાન કરી માનવતાની સેવાને યોગદાન આપી નિરંકારી મિશનના સેવાદળોનો ઉત્સાહ વધાર્યો. આ અવસર પર તેમની લાગણી વ્યક્ત કરતાં તેમણે મિશનના કાર્યની સરાહના કરતા જણાવ્યું હતું કે આ કાર્યોમાં પોતાની તરફથી દરેક પ્રકારની સહયોગ મળશે.

ઉલ્લેખનીય છે કે મુસળધાર વરસાદ હોય કે પ્રખર તાપ, સંત નિરંકારી મિશનના સેવાદાર ભક્તો નિરંતર માનવતાની સેવામાં પોતાને સમર્પિત રાખે છે. રક્તદાન ઉપરાંત તેઓ સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, નિઃશુલ્ક નેત્ર ચિકિત્સા શિબિર, ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પ, કુદરતી આપત્તિ વખતે રાહત કાર્ય વગેરે જેવી વિવિધ સામાજિક સેવાઓમાં યોગદાન આપતા રહે છે. સંત નિરંકારી મંડળના સ્થાનિક મુખી શ્રી શિવાજી બારવેએ સ્થાનિક સેવાદળ યુનિટ અને સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના સ્વયંસેવકોની સહયોગથી આ શિબિરનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

# મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા કવિ ઉમાશંકર જોશીની સ્મૃતિવંદના કરાઈ

મુઠ્ઠી ઊંચેરા સર્જક ઉમાશંકર જોશીની જન્મજયંતી મુલુંડમાં ઉજવાઈ ત્યારે સતત વરસતા વરસાદ છતાં હોલ રસિક શ્રોતાઓથી ભરાઈ ગયો હતો. આ કાર્યક્રમનું આયોજન મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા બારીશી નેટવર્કના સહયોગમાં થયું હતું.

કાર્યક્રમના આયોજક રાકેશ જોષીએ કવિના બામણા ગામના ઘર અને સ્કૂલના અભ્યાસ વિશે વાત કરી ભૂમિકા માંડી હતી. જાણીતા સંગીતકાર તથા ગાયક સુરેશ જોષી અને શ્રદ્ધા શ્રીધરાણીએ ઉમાશંકર જોશીનાં ત્રણ ગીતો દ્વારા કાર્યક્રમની શરૂઆત કરી. કે.જે.સોમૈયા કોલેજની વિદ્યાર્થીનીઓ ભારતી



હાથિયાણી, ભક્તિ લોડાયા, ત્રિશા નંદા, વૃત્તિકા ઝાલા અને પંક્તિ જોશીએ સાપના ભારા ભજવીને દર્શકોની દાદ મેળવી હતી. કવિ સંજય પંડ્યા તથા સતીશ વ્યાસે ઉમાશંકર જોશીનાં ઉત્તમ કાવ્યોમાંથી પસંદ કરેલી કાવ્યપંક્તિઓની જુગલબંધી કરી જેમાં દરેક પંક્તિઓને શ્રોતાઓએ તાળીઓથી વધાવી.

કવિના બારણે ટકોરા 'એકાંકી આધારિત સતીશ વ્યાસ લિખિત એકોક્તિ મીતા ગોર મેવાડાએ ભજવી રજૂ કરી. સતીશ વ્યાસે કવિના એક ઉત્તમ કાવ્ય રજૂ કર્યું.

અભિનેત્રી મીનળ પટેલે ટૂંકી વાર્તાનું ભાવવાહી વાચિકમ કર્યું અને અંતમાં સુરેશ જોષી તથા શ્રદ્ધા શ્રીધરાણીએ બે ગીતો દ્વારા સમાપન કર્યું. અંતમાં ઉમાશંકર જોશી ની ૧૧૩મી વર્ષગાંઠ નિમિતે કેક કટિંગ કરવામાં આવી હતી.

# કાંદા-બટાટા, ટમેટા અને લસણના ગગન ગામી ભાવને લીધે ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

છેલ્લા ઘણા મહિનાથી કાંદા, બટાટાના ભાવમાં વધી રહેલા ભાવ કાયમ જ છે. હોલસેલ માર્કેટમાં કાંદા રૂા. ૨૫થી ૨૮ કિલોએ પહોંચ્યા છે, જ્યારે બટાટા રૂા. ૨૮ થી ૩૦ કિલોએ પહોંચી ગયા છે. આને કારણે રિટેલ માર્કેટમાં કાંદા-બટાટાના ભાવ રૂા. ૫૦ કિલોએ વેચાઇ રહ્યા છે. લસણના ભાવમાં વધારો કાયમ જ હોઇ હોલસેલ માર્કેટમાં તેનો ભાવ પ્રતિ કિલો રૂા. ૨૦૦ છે, જ્યારે રિટેલ માર્કેટમાં પ્રતિ કિલો રૂા. ૨૫૦થી ૩૦૦માં વેચાય છે.

હાલમાં બજારમાં કાંદાની માગ વધુ છે, પણ તેની આવક ઓછી થઇ ગઇ છે. દરરોજ હોલસેલ માર્કેટમાં કાંદાની સરેરાશ ૭૦થી ૭૫ ગાડી આવે છે. આને કારણે કાંદાના ભાવ ઉપર ચઢી રહ્યા છે. હોલસેલ માર્કેટમાં કાંદા રૂા. ૨૮ કિલો સુધી પહોંચી ગયા હોઇ રિટેલ માર્કેટમાં કાંદા પ્રતિ કિલો રૂા. ૫૦ પર પહોંચી ગયા છે. એવા જ હાલ બટાટાના ભાવના છે.

દરેક રસોડા માટે ઉપયોગી ટમેટાના છૂટક ભાવ જે રૂા.૧૦૦ થયાં હતાં તે હજી પણ રૂા.૬૦ થી રૂા.૮૦માં વેંચાઈ રહ્યાં છે. ચોમાસાને કારણે ભીનો માલ વધુ દિવસ ટકતો ન હોવાથી કાછીયાઓ ટમેટા શરૂઆતે ઊંચા ભાવે વેંચી બચેલો માલ ઓછા ભાવે વહેંચી કાઢે છે.

આવક ઓછી થવાને કારણે લસણના ભાવમાં પણ ખાસ્સો વધારો થયો છે. મધ્ય પ્રદેશ અને રાજસ્થાનથી લસણ આવે છે. બીજી બાજુ ગુજરાતથી આવતા લસણ હાલમાં થંભી ગયા છે. આને કારણે માગની સામે પુરવઠો ઓછો થવાથી ભાવ વધ્યા હોવાનું એપીએમસીના વેપારીએ જણાવ્યું હતું.

Click For Here

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

### મુલુંડમાં પીવાના પ્રદૂષિત પાણીની સમસ્યા બાબતે

# મિહિર કોટેચાની વિભાગીય અધિકારી સાથે મિટિંગ

મુલુંડના અમુક વિસ્તારોમાં ઘરના નળોમાં પીવાનું પાણી પ્રદૂષિત આવતી હોવાની સમસ્યા દિવસો દિવસ વધી રહી છે. આ બાબતે તેનો ઉકેલ વહેલાસર થાય અને લોકોને એમાંથી રાહત મળે તે માટે ધારાસભ્ય મિહિર કોટેચાએ મુલુંડ 'ટી' વોર્ડના પાણી પુરવઠા વિભાગના અધિકારી ઈન્જિનિયર બોરસે સાથે મિટિંગ કરી આ સમસ્યા વહેલી તકે હલ કરવા માટે તાકીદ કરી હતી.




Zindangi Fashion



Exhibition Cum Sale Festive Sale

Start From 1st August 2024

Flat 60%-80% Off On All Designer Ladies Ethnic Wear

Kurta Set • Sharara Set • Gowns • Indo-Western

Stock & Size Limited

Offer For Limited Period

Contact : 9892478982

Agfa Row House, Opp. to Manoj Kotak Sevalay,
Next to Vardhaman Nagar, Mulund (W) Mumbai - 400080

કોઈપણ પ્રોપર્ટી લેવા અને વેચવા માટે

"Real Estate, Real Service, Real Results"

- 4 BHK ઓબેરોય હાયર ફ્લોર
- 4 BHK વિકાસ પેરેડાઈઝ
- 3 BHK જૈન દેરાસર પાસે 2.15 CR
- 3 BHK દેવીદયાલ રોડ 2.60 CR
- 3 BHK તાંબેનગર 2.35 CR
- 3 BHK સેઠ મોન્ટાના 2.90 CR
- 3 BHK વિલોઝ ટાવર
- 3 BHK ત્રિદેવ ટાવર
- 3 BHK ઓબેરોય 2.85 CR થી 3.25 CR
- 3 BHK ઓબેરોય હાયર ફ્લોર 1450 Sq.ft.
- 2.5 BHK રૂનવાલ ગ્રીન્સ 2.60 CR
- 2.5 BHK વાધવા એટમોસફીયર 2.21 CR
- 2 BHK સ્ટેશન પાસે 1.95 CR
- 2 BHK - RHB રોડ 2 CR
- 2 BHK દેવીદયાલ રોડ 1.75 CR
- 2 BHK દેવીદયાલ રોડ 1.85 CR
- 2 BHK જૈન દેરાસર પાસે 2 CR
- 2 BHK દેવીદયાલ રોડ 1.90 CR હાયર ફ્લોર
- 2 BHK વાધવા એટમોસફીયર 1.95 CR
- 2 BHK રૂનવાલ ગ્રીન્સ 1.90 CR
- 1 BHK દેવીદયાલ રોડ 1.21 CR
- 1 BHK દેવીદયાલ રોડ 1.15 CR
- 1 BHK સ્ટેશન પાસે 1.10 CR
- 1 BHK સ્ટેશન પાસે 1.05 CR
- 1 BHK S.L. રોડ 1.15 CR
- 350 ચોરસ ફૂટ ઓફિસ સેલ M.G. રોડ

1, 2, 3, 4 BHK Flat on Rent
Oberoi 3 & 4 BHK on Rent
*Buy *Sell *Rent
* Residence *Commercial
in any Projects of Mulund

MAHA RERA NO. A51900015642

B Bhoomi
Real Estate Solutions

DEEPAK A KESARIA - 97077 77771

Click For Here